૯૪૪૯

પ્રેમમન્ડળ. ૯૪૪૯

પુસ્તક ૨ જું

(અંતર્ગત.)

હરિશ્ચન્દ્ર.

પ્રસિદ્ધ કર્ત્તા.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

બુકસેલર—અમદાવાદ.

ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

સંવત ૧૯૫૬. સને ૧૯૦૦.

હરિશ્ચન્દ્ર. ૭૪૪૭

——○§○——

સત્યયુગમાં, પૃથિવી પ્રસિદ્ધ, સૂર્યવંશી ઇક્ષ્વાકુ-કુળોત્પન્ન ત્રિશંકુરાજાનો પુત્ર સત્યવાદી હરિશ્ચન્દ્ર અયોધ્યામાં રાજ્ય કરતો હતો. તે રૂપ યૌવન અને ચાતુરીવાળી પોતાની તારામતી રાણીની સાથે પ્રેમપૂર્વક વેહાર કરતો હતો. એ રાજા મહાપરાક્રમી, શૂરવીર, દાદાતા, સત્યવાદી, ધર્મશીળ, વિદ્વાન્ અને દયાળુ તો. ન્યાય, નીતિ અને ધર્મથી રાજ્ય ચલાવી પ્રજાનું ત્રવત્ પાલન કરતો હતો. સર્વે પ્રકારની સંપત્તિનું નેને સુખ હતું; છતાં પણ તે કદિ વૈભવના મોહમાં પડાયો નહતો. તેમ સંપત્તિથી હર્ષ અને વિપત્તિથી ાક ન પામતાં નિરંતર સુખ દુઃખને સમાન જાણતો તો. આવા ધર્માત્મા રાજાને સંતતિનું સુખ ન વાથી, જ્યારે ઘણો સમય ગયો ત્યારે તે બહુજ ખિત અને ચિંતાતુર થયો, તેથી તેણે પોતાના કુળ-ર મહર્ષિ વસિષ્ઠજીના આશ્રમમાં જઇ, મસ્તકથી

પ્રણામ કરી તેમની પાસે પોતાને સંતતિ ન હોવાની વાર્ત્તા કહી. હરિશ્ચન્દ્રે પોતાના ગુરૂ વસિષ્ટજીને કહ્યું કે–આપ દૈવને જાણનાર અને મંત્ર વિદ્યામાં મહા-નિપુણછો. માટે જે પ્રકારે મને સંતતિ થાય તેવો ઉપાય કરો. હે ધર્મજ્ઞ! વિપ્રવર્ય્ય!! પુત્ર વગરના મા-ણસને ઉત્તમ ગતિની પ્રાપ્તિ થતી નથી, એ આપ જાણોછો, તે છતાં શક્તિમાન્ થઇને મારા દુઃખની ઉપેક્ષા કેમ કરોછો. આ પક્ષીઓ બચ્ચાંને રમાડે છે, માટે તે પણ ભાગ્યશાળી છે. અને હું તો ભાગ્યહીન છું જેથી હું અહર્નિશ સંતાનની ચિંતામાં નિમગ્ન થઇ રહેલો છું 'આવાં મહારાજા હરિશ્ચન્દ્રના કરૂણાજનક વચન શ્રવણ કરી મનમાં તત્સ્પર્શી વિચાર કરી મહર્ષિ વસિષ્ટજીએ આવાં વચન કહ્યાં.

હે મહારાજ! તમારૂં કહેવું અક્ષરસઃ ખરૂં છું. આ સંસારમાં જેવું નિસ્સંતાનપણાનું દુઃખ છે તેવું બીજું એક પણ દુઃખ નથી. માટે તમે વિધિસહ જળ જંતુઓના પતિ વરૂણદેવની આરાધના કરો એ-ટલે તે અવશ્ય તમારૂં કાર્ય કરશે વરૂણથી અધિક સંતાન આપનાર બીજો કોઇ દેવ નથી. માટે હે

ધર્માત્મા ! વરૂણની આરાધના કરવાથી તમારો મનોરથ સફળ થશે. મનુષ્યોએ એકલા દૈવને કે એકલા પુરૂષાર્થને માનવો નં જોઇએ પણ દૈવ અને પુરૂષાર્થ એ બન્નેને માનવાં જોઇએ. ઉદ્યમ કર્યા વગર કાર્યની સિદ્ધિ થાયજ નહિ, માટે વરૂણદેવની આરાધના રૂપ ઉદ્યમ સંતતિ માટે કરો. હે રાજેન્દ્ર મુકુટમણિ ! વિચક્ષણ પુરૂષોએ ન્યાયથી ઉદ્યમ કરવા જોઇએ. ઉદ્યમ કર્યા વગર કાર્ય સિદ્ધિ થતી નથી.

આવાં મહાતેજસ્વી ગુરૂનાં વચન શ્રવણ કરી મહારાજા હરિશ્ચન્દ્રે તપ કરવાનો નિશ્ચય કરી, ગુરૂને પ્રણામ કરી ત્યાંથી જઇ, ભાગીરથીને તટે ઉત્તમ સ્થાનમાં પદ્માસનવાળી ચિત્તમાં વરૂણદેવનું ધ્યાન કરતા એવા હરિશ્ચન્દ્રરાજાએ મહાઉગ્ર તપ કરવા માંડયું. આ પ્રમાણે રાજા હરિશ્ચન્દ્રની ઉગ્ર તપશ્ચર્યાથી પ્રસન્ન થયેલા વરૂણદેવે તેને પ્રત્યક્ષ દર્શન દઇને કહ્યું કે-હે ધર્મજ્ઞ રાજા ! હું તારા ઉપર પ્રસન્ન છું. માટે વર માગ.

આવાં વરૂણદેવનાં પ્રસન્નતાનાં વચન શ્રવણ કરી, હરિશ્ચન્દ્રે કહ્યું કે–હે વરૂણદેવ ! મને સંતતિ નથી. માટે જેથી મને સુખની પ્રાપ્તિ થાય, એવો પુત્ર

આપો. ત્રણે પ્રકારનાં રૂણુ ઉતરવા માટે મારો આ ઉદ્યમ છે. આવાં રાજાનાં દીનતાં ભરેલાં વચન શ્રવણ કરી, પોતાના સન્મુખ ઉભેલા રાજાને વરૂણદેવે મંદહાસ્યપૂર્વક આવાં વચન કહ્યાં

હે રાજા! જો તારી મનની ધારણા પ્રમાણે તને ગુણવાન્ પુત્રની પ્રાપ્તિ થાય તો તું મારૂં શું પ્રીય કરીશ. મારા વિચાર પ્રમાણે તો મનમાં જરાપણ શંકા ન લાગતાં નિઃશંકપણે જે પુત્ર તારે ત્યાં અવતરે તેને પશુ રૂપ કરીને તે વડે મારૂં પુજન કરય, તો હું તને પુત્રનું વરદાન આપું.

આવાં વરૂણદેવનાં વચન શ્રવણ કરી રાજા હરિશ્ચન્દ્રે કહ્યું કે-હે દેવદેવ! મને વાંઝીઆપણું મટતું હોય તો પુત્રને પશુરૂપ કરીને તે વડે હું આપનું યજન કરીશ. એ હું સત્ય કહું છું. પૃથિવીમાં વાંઝીઆપણાના સમાન એકે અસહ્ય દુઃખ નથી. પુત્ર આવ્યા પછી જો તે મરણ પામે તોપણ મનુષ્યોનો વાંઝિયાપણાના શોક રૂપી અગ્નિ શાન્ત થાય છે. માટે મને પુત્ર આપો. આવાં રાજાનાં વચન શ્રવણ કરી વરૂણદેવે કહ્યું કે-હે રાજા! તું સુખપૂર્વક તારે

ઘેર જા. તને પુત્ર થશે, પણ તું જે આપે છે તે વચન બરાબર પાળજે. આ પ્રમાણે વરૂણદેવથી વર પામી રાજા હરિશ્ચન્દ્ર પોતાને ઘેર ગયો. હરિશ્ચન્દ્રરાજાને સો રાણીયો હતી, તેમાં શૈબ્યા–તારામતી એ પટરાણી હતી સમય આવે તે તારામતિ ગર્ભવતી થઇ અને તે રાણીને ભાવા અભાવા થવાની વાર્તા શ્રવણ કરી હરિશ્ચન્દ્રરાજા મહાઆનંદ પામ્યો, અને શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે તેના સંસ્કાર વિધિપૂર્વક કરાવ્યા. જ્યારે દશમો માસ પૂર્ણ થવા આવ્યો ત્યારે શુભ મુહૂર્તમાં દેવકુમાર સદૃશ પુત્ર આવ્યો. પુત્રના જન્મના ખબર શ્રવણ કરતાં રાજા હરિશ્ચન્દ્રે પુષ્કળ બ્રાહ્મણોને બોલાવી પ્રથમ જાતકર્મ સંસ્કાર કરીને ઘણાં ઘણાં દાન આપ્યાં. એ રાજાના ભુવનમાં પુત્રના જન્મનો મહોત્સવ થઈ રહ્યો હતો, તે સમય ઉત્તમ બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને વરૂણદેવ ત્યાં પધારયા. તેમણે રાજાને આશીર્વાદ આપ્યો. અને કહ્યું કે–'હે રાજન્! તમને પુત્ર થયો, માટે હવે એ પુત્રથી ત્વરાએ મારૂં યજન કરો. પૂર્વે તમે જે વચન મને આપ્યું છે. તે પાળો. મારા વરથી તમારૂં વાઝિયાપણું તો મટયું.' આવાં વરૂ-

ણનાં વચન સાંભળી રાજા ચિંતામાં નિગ્મન થઇ વિચાર કરવા લાગ્યો કે–કમળ સદશ મુખવાળા તુરતના જન્મેલા બાળકનો હું શી રીતે વધ કરૂં ?! તેમજ જેને એવની ઇચ્છા હોય તેણે દેવનું પણ અપમાન કરવું નહિ. તેમ પુત્ર સ્નેહનો ત્યાગ પણ થઇ શકે તેમ નથી. હવે કરવું શું ? આ પ્રમાણે વિચાર કરી રાજાએ મધુર વચનથી વરૂણદેવને આ પ્રમાણે કહ્યું.

હે દેવ ! હે કૃપાધના ! ! આપની આજ્ઞા અનુસાર વેદોક્ત રીતિથી પુષ્કળ દક્ષિણાવાળો નરમેધ યજ્ઞ મારે કરવો છે. પણ સ્ત્રી અને પતિ કે જેણે તે કરવાનો અધિકાર છે તેમાં પિતા પુત્રના જન્મ પછી દશ દિવસે અને માતા એક મહીને શુદ્ધ થાયછે, માટે હાલ શી રીતે યજ્ઞ થઇ શકે ? આપ સર્વજ્ઞ હોવાથી શાસ્ત્રના ધર્મને જાણો છો. માટે હમણાં તો ક્ષમા કરો.

આવાં રાજા હરિશ્ચન્દ્રનાં વચન શ્રવણ કરી, વરૂણદેવે કહ્યું કે– ' હે રાજા ! તારૂં કલ્યાણ થાઓ, હું જાઉંછું. મહિનો થશે, ત્યારે હું આવીશ. ત્યારે અવશ્ય મારૂં યજન કરજે. આ પ્રમાણે કહીને વરૂણદેવ ગયા, એટલે રાજાને પરમાનંદ થયો. રાજાએ સુ-

વર્ણથી શણગારેલી કરોડો ગાયો અને તિલના પર્વતો આપ્યા. અને પુત્રનું રોહિત એવું નામ રાખ્યું. એમ કરતાં જ્યારે મહિનો પુરો થયો એટલે પાછા વરૂણ-દેવ બ્રાહ્મણનું રૂપ ધરીને આવ્યા અને તુરત યજન કરય એમ વારંવાર રાજાને કહેવા લાગ્યા. વરૂણને આવેલા જોઇ શોકરૂપી સમુદ્રમાં ડૂબેલા રાજાએ તે-મને પગે લાગી હાથ જોડીને કહ્યું કે–હે પ્રભુ ! આપ ભલે પધારયા. હું આપની આજ્ઞા પ્રમાણે વિધિપૂર્વક યજ્ઞ કરવા તૈયારછું; પરન્તુ વિદ્વાનોનું એવું કહેલું છે કે–'દાંતવગરનો પશુ પ્રશંસનીય નથી' માટે મારા પુત્રને દાંત આવશે ત્યારે હું આપનું યજન કરીશ. રાજાનાં આવાં વચન શ્રવણ કરી તેમ કરવા હા પાડી વરૂણદેવ ગયા. અને રાજા હરિશ્ચન્દ્ર આનંદ પામી વિહાર કરવા લાગ્યો. પછી સમય પ્રાપ્ત થતાં રોહિતને દાંત આવેલા જાણીને બ્રાહ્મણનો વેષ ધારણ કરીને વરૂણદેવ પાછા આવ્યા. અને તુરત યજન કરય એમ પુનઃપુનઃકહેવા લાગ્યા. વરૂણને આવેલા જોઈ રાજાએ પ્રણામ કરયા. અને તેમનું પૂજન કરયું. અને સ્તુતિ કરી નમ્રતાથી મ-

સ્તક નમાવી હરિશ્ચન્દ્ર બોલ્યો કે–' વિધિપૂર્વક પુષ્કળ દક્ષિણાવાળો યજ્ઞ મારે કરવો છે; પરંતુ આ બાળક-નો ચૌલ સંસ્કાર હજુ થયો નથી. માથાના બાળ મોવાળા જ્યાં સુધી હોય ત્યાં સુધી નર પશુયજ્ઞ યો-ગ્ય નથી. એમ વસિષ્ઠોના મુખથી મેં શ્રવણ કર્યું છે. આપ પણ વેદોક્ત વિધિને જાણો છો.' આ પ્ર-માણે રાજાનાં વચન શ્રવણ કરી, વરૂણદેવે કહ્યું કે–હે રાજા ! વારમ્વાર તું આવાં વચનો કહીને, વાયદા કરી મને ઠગે છે, હાલમાં તારી પાસે પુષ્કળ સામગ્રી છે, છતાં પુત્રના સ્નેહથી બંધાઇને તું મને છેતરે છે; હાલ તો હે રાજા હું જાઉંછું. પણ જો તું મુંડન થયા પછી યજ્ઞ કરીશ નહિ, તો હું તને દારૂ-ણ શાપ આપીશ. તું જે ઇક્ષ્વાકુ કુળમાં જન્મ્યો છે તેણે અસત્ય ભાષણ કરવું જોઇએ નહિ.' આ પ્રમા-ણે કહીને વરૂણદેવ તો ગયા. અને રાજા પરમાનંદ પામવા લાગ્યો. પછી જ્યારે ચૌળ કર્મનો સમય પ્રાપ્ત થયો ત્યારે રાજ્ય દ્વારમાં મોટો ઉત્સવ વર્ત્તી રહ્યો હતો, તે સમય વરૂણદેવ પુનઃઆવ્યા. ક્રિયા સમય તારા-મતી રાણી પોતાના પુત્રને ખોળામાં લઇને રાજાનીપા-

સે બેઠી હતી. તેજ સમયે અગ્નિસદૃશ તેજસ્વી બ્રાહ્મણના વેષથી વરૂણે આવીને સ્પષ્ટ કહ્યું કે–' હે રાજા ! મારૂં યજન કર.! વરૂણને ઘણાજ વિકાળ નિરખીને રાજાએ ભયથી હાથ જોડી પ્રણામ કરી વિધિ સહ પૂજન કર્યું અને નમ્રતા પૂર્વક કહ્યું કે–' હે સ્વામીન્ ! હું યજ્ઞ સંબંધી કાર્ય વિધિપૂર્વક કરવાને તૈયારછું, પરન્તુ તે વિષયમાં જરા મારે કહેવું છે, તે આપ એકાગ્ર ચિત્તથી શ્રવણ કરો. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ્યે વર્ણોને જ્યારે યજ્ઞોપવીતનો સંસ્કાર થાય ત્યારે તે દ્વિજ કહેવાય છે. અને જ્યાં સુધી એ સંસ્કાર ન થયો હોય ત્યાં સુધી તે શૂદ્રજ કહેવાય છે. એમ વેદોક્ત પુરૂષોનું કહેવું છે. તો એ વેદના સિદ્ધાંત પ્રમાણે હજુ આ બાળક શૂદ્ર જેવો છે. જ્યારે તેને યજ્ઞોપવિત દેવાશે ત્યારે તે ક્રિયાને યોગ્ય થશે. ક્ષત્રિઓને અગ્યારમે, બ્રાહ્મણોને આઠમે અને વૈશ્યોને બારમે વર્ષે જનોઈ દેવાનું ધર્મ શાસ્ત્રમાં કહેલુંછે. માટે હે દેવ ! હું જે આપનો દીન સેવકછું તેના ઉપર અનુગ્રહ કરો, તો અગ્યારમે વર્ષે જનોઇ દીધા પછી, આ પશુથી હું આપનો યજ્ઞ કરીશ. હે ધર્મજ્ઞ! આપ લોકપાળછો. સર્વ શાસ્ત્રમાં સંપન્ન છો, માટે મારૂં કહેવું આપને સત્ય

જણાતું હોય તો હાલ આપ પધારો. આવું રાજાનું બોલવું થતાં દયાળુ વરૂણદેવ તે પ્રમાણે હા કહી પ્રસન્ન થયેલા મુખથી તુરત પાછા ગયા. વરૂણ ગયા પછી દીકરાનું સુખ મળવાથી રાજા અને રાણી મનમાં બહુજ રાજી થયાં અને હરિશ્ચન્દ્ર રાજ્ય સંબંધી કામ કરવા લાગ્યો. સમય જતાં રોહિત દશ વર્ષનો થયો. ત્યારે હરિશ્ચદ્રે ઉત્તમ બ્રાહ્મણો અને મંત્રિયો સાથે પોતાની રાજલક્ષ્મીને ઘટે એ પ્રમાણે તેને જનોઇ આપવાની તૈયારી કરી. અગીયારમું વર્ષ બેસતાં જનોઇ દેવાના વિધિ સંબંધી સર્વ કાર્ય શાસ્ત્ર પ્રમાણે કરી, મનમાં વરૂણદેવની ચિંતા વ્યાપી રહી હતી. બાળકને જનોઇ દેવાયા પછી હજુ તો તે સંબંધી કાર્ય ચાલતું હતું તે સમયમાં વરૂણદેવ બ્રાહ્મણનું રૂપ ધરીને આવ્યા. તેમને આવેલા જોઇ પ્રીતિ દર્શાવતાં પ્રણામ કરી સન્મુખ ઉભા રહી હસ્ત જોડી રાજાએ કહ્યું કે–હે દેવ ! આ મારા પુત્રને જનોઇ દેવાયું તેથી હવે તે પશુપણાને યોગ્ય થયો છે. અને આપના અનુગ્રહથી વાંઝીઆપણાના ધિક્કાર સંબંધી મારો શોક પણ મટી ગયો છે. માટે પુષ્કળ દક્ષિણાવાળો યજ્ઞ કરવાની

મારી અભિલાષા છે, પણ હે ધર્મજ્ઞ! હવે તે કામ કરવાનો ખરો સમય હું કહું છું તે શ્રવણ કરો. ભણીને ગુરૂને ત્યાંથી આવતાં જે સમાવર્ત્તન નામનો સંસ્કાર કરવામાં આવે છે તે થઇ ગયા પછી હું આપનું ધારેલું કાર્ય કરીશ. માટે ત્યાં સુધી આપ ક્ષમા કરો. રાજાના આવાં વચન શ્રવણ કરી વરૂણદેવે કહ્યું કે-હે રાજા! તું પુત્રના પ્રેમથી અત્યંત ઘેરાયલો છે, તે પુનઃપુનઃ યુક્તિયો કરી મને છેતરે છે, પણ હે રાજન્! આ સમય પણ તારાં વચનને માન્ય રાખી પાછો જઇશ હું પણ સમાવર્ત્તનનો સંસ્કાર થયા પછી આવીશ. આ પ્રમાણે કહી વરૂણદેવ તો ગયા. અને રાજા પણ આનંદ પામી રાજ્ય કરવા લાગ્યો. સમયજતાં સમાવર્ત્તનનો સંસ્કાર થયા પછી વરૂણને આવેલા જોઇને રાજા મહાચિંતામાં નિમગ્ન થતાં વિચક્ષણ રોહિત કુમારે રાજાના શોક માટે લોકોને પુછવા માંડતાં, પોતાનો વધ થવાનું જાણીને તેણે ભાગી જવાનો પાકો નિશ્ચય કરી, મંત્રિયોના પુત્રોની સાથે વિચાર કરી નગરમાંથી બાહાર નિકળી ગયો. પુત્ર જતો રહેવાથી રાજા પરમ દુઃખ પામ્યો. અને

તેણે પુત્રના શોધ માટે દૂતોને મોકલ્યા. આમ કરતાં કેટલોક કાળ વ્યતીત થતાં તેને ઘેર આવીને રહેલા વરૂણદેવે શોકથી તપી રહેલા રાજાને કહ્યું કે–' હે રાજન ! મારૂં યજન કરજ ! રાજાએ પ્રણામ કરીને કહ્યું કે–' હે મોટા દેવ ! હું શું કરૂં. ભયથી વ્યાકુળ થયેલો મારો પુત્ર ક્યાં જતો રહ્યો તે પણ હું જાણતો નથી. પર્વતોની ગુફાઓમાં અને મુનિઓના આશ્રમો-માં મારા દૂતોએ તેનો શોધ કરયો પણ કોઈ ઠેકાણે તેની ભાળ મળી નહિ. પુત્ર જતો રહ્યો તેમાં મારો દોષ નથી. મારા ભાગ્યનો દોષ છે. આવાં રાજાનાં વચન શ્રવણ કરી ઘણીવાર છેતરાયાથી મહાક્રોધ પામેલા વરૂણદેવે રાજા હરિશ્ચન્દ્રને શાપ આપ્યો કે–' હે રાજા ! તેં મને ઘણીવાર વાયદા કરીને ઠગ્યો, માટે મ-હાદારૂણ જળોદર રોગ તને થશે ' કોપ પામેલા વરૂણ દેવે આ પ્રમાણે શાપ દેતાં હરિશ્ચન્દ્રરાજા મહાપી-ડિત થયો અને વરૂણદેવ તો શાપ દઇને ચાલ્યા ગયા.

વરૂણદેવના ગયા પછી રોગથી મહાપીડા પા-મતો હરિશ્ચન્દ્ર રાજા અત્યંત મુંઝાવા લાગ્યો. વનમાં નાશી ગયેલા તેના પુત્ર રોહીતે પોતાના પિતાને

રોગથી પીડાયલ શ્રવણ કરી સ્નેહના આકર્ષણને લીધે તેની પાસે જવાનો મનમા વિચાર કર્યો. એક વર્ષ ગયા પછી પિતાને જોવા માટે પ્રેમપૂર્વક તૈયાર થયેલા રોહીતને જાણીને બ્રહ્મણનું રૂપ ધરીને ઇન્દ્રે તુરત આવીને રોહિતને આ પ્રમાણે યુક્તિથી વાર્યો. ઇન્દ્રે કહ્યું કે—હે રાજકુમાર ! તું રાજનીતિથી અજ્ઞ છે. જેથી તું ત્યાં જવાનો વિચાર કરે છે. હે ભાગ્યશાળી ! તારો પિતા વેદજ્ઞ બ્રાહ્મણો દ્વારા અગ્નિમાં તારો હોમ કરાવશે. પ્રાણી માત્રને આત્મા પ્રિય છે. સ્ત્રી, પુત્ર અને દ્રવ્ય—આદિ આત્માને માટેજ પ્રિય છે. તારો પિતા પોતાના સંરક્ષણાર્થે તું કે જે પુત્ર છો તેનો હવન કરાવીને પોતે રોગથી મુક્ત થવા ઇચ્છે છે, માટે તું હાલ ત્યાં ન જતાં જ્યારે તારા પિતાનો સ્વર્ગવાસ થાય ત્યારે તું રાજ્ય લેવાને માટે જજે.

આ પ્રમાણે ઇન્દ્રે ના પાડી તેથી રોહિત પુનઃ એક વર્ષ વનમાં રહ્યો. પણ હરિશ્ચન્દ્રને અત્યંત દુઃખ પામતો સાંભળી રોહિતે મરવાનો નિશ્ચય કરીને જવાનું મન કર્યું. તો તે સમય પણ બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને ઇન્દ્રે વારમ્વાર યુક્તિ ભરેલાં વચનોથી તેને

અટકાવ્યો. અત્યંત રોગથી પીડા પામતા હરિશ્ચન્દ્રે રોગના નિવારણાર્થે પોતાના કુળ ગોર વસિષ્ઠજીને ઉપાય પુછતાં વસિષ્ઠજીએ કહ્યું કે–! હે રાજન્ ! મૂલ્ય આપીને ખરીદેલા કોઇ પુત્રથી યજ્ઞ કરો. એમ કરવાથી તમે શાપ મુક્ત થશો. વેદના પાર પામેલા બ્રાહ્મણોએ દશ જાતના પુત્રો કહેલા છે. માટે દ્રવ્ય દ્વારા પુત્ર લાવી તેથી યજ્ઞ કરી વરૂણદેવને સન્તુષ્ટ કરો તમારા દેશનો કોઇ પણ બ્રાહ્મણ દ્રવ્યના લોભથી તમને પુત્ર આપશે. આવાં મહર્ષિ વસિષ્ટજીનાં વચન શ્રવણ કરીને રાજાએ તેવા પુત્રના શોધ માટે પ્રધાનને આજ્ઞા આપી, એટલે પ્રધાનનો શોધ કરતાં એ રાજા હરિશ્ચન્દ્રના સામ્રાજ્યમાં એક નિર્ધન અજીગર્ત્ત નામનો બ્રાહ્મણ હતો, અને તેને ત્રણ પુત્રો હતા. એ દરિદ્ર બ્રાહ્મણને તેનો પુત્ર લેવા માટે પ્રધાને પુછ્યું કે–જો યજ્ઞાર્થે તું તારો પુત્ર આપે તો હું તને સો ગાય આપું. તમારા શુનઃપુચ્છ, શુનઃશેપ અને શુનોલાંગૂલ એવા નામના ત્રણ્ય પુત્રો છે, તેમાંથી એકને આપો તો હું તમને સો ગાય આપું. અત્યંત ભુખે મરતા અજીગર્તે એ વાત શ્રવણ કરીને એક પુત્રને

વેચી નાખવાનું મન કરયું પોતાના મરણ પછી મોટો દીકરો શ્રાદ્ધ કરવાનો અધિકારી છે, એમ જાણીને મોટો પુત્ર આપ્યો નહિ. અને તેની સ્ત્રીએ નાનો પુત્ર તો મારો છે, એમ કહીને તે પણ આપ્યો નહિ, આમ કહીને સો ગાય લઇને તેણે વચલો પુત્ર શુનઃશેપ પ્રધાનને આપ્યો. એટલે પ્રધાને તેને લાવતાં રાજાએ નરમેધમાં પશુ રૂપે કલ્પીને તેને બાંધ્યો ખીલે બંધાયલો શુનઃશેપ રોવા લાગ્યો, મહાદુઃખીઓ, રાંક, ધ્રુજતો અને અત્યંત આતુર જોઇને તે સમય મુનિઓ તેના વધનું કહેવા લાગ્યા. રાજાએ નરમેધમાં તેને પશુની રીતે કાપી નાખવાને માટે આપતાં કાપવાવાળાએ હાથમાં શસ્ત્ર લિધું નહિ અને કહ્યું કે–'આ બ્રાહ્મણનો પુત્ર કે જે રાંક છે, અને અત્યંત કરૂણા જનક રૂદન કરે છે, તેને હું મારા લોભને માટે મારીશ નહિ. આ પ્રમાણે તેનું બોલવું થતાં રાજાએ બ્રાહ્મણોને કહ્યું કે–હવે શું કરવું? તે સમય લોકોના બૂમરાણથી તથા શુનઃશેપની મહારાડોથી સભામાં મહા અદ્ભુત કોલાહલ થઇ રહ્યો. તે સમય અજીગર્ત્તે લોભને વશ થઇને ઉભા થઇ રાજાને કહ્યું કે–હે રાજન્! હું આ કામ કરીશ. તમે નિશ્ચિંત રહો, તમે મને બ-

મણી હિમ્મત આપો. એટલે આ પશુને હુંજ મારી નાંખીશ. દ્રવ્ય માટે તમારા યજ્ઞનું કામ મારે આજે કરવું છે. દુઃખી માણસને દ્રવ્યાર્થે દીકરા ઉપર પણ દ્વેષ બુદ્ધિ થાયછે! અજીગર્ત્તનું આવા પ્રકારનું બોલવું શ્રવણકરીને પ્રસન્ન થયેલા હરિશ્ચન્દ્રે તેને બીજી માં-ગાય આપવાનું કહ્યું. હરિશ્ચન્દ્રનું વચન શ્રવણ કરીને લોભથી ઘેરાયલા ચિત્તવાળો અજીગર્ત્ત પોતાના પુત્રના કટકા કરવાને તૈયાર થયો. અવસ્ય તે કામ તે કરશે, તે જોઇને સભાસદો તથા અન્યલોકો મહા હાહાકાર કરવા લાગ્યા. અને ધિક્કારવા લાગ્યા કે—આ ક્રૂર કર્મ કરનારો, અજીગર્ત મહાપાપી પિશાચ છે. અરે! ચંડાળ! તને ધિક્કાર છે આવું પાપ કર્મ કરવાનો તને કેમ વિચાર થાય છે. દીકરાને મારી નાંખી ધન મળવાથી તને શું સુખની પ્રાપ્તિ થનાર છે? પોતેજ પોતાના અંગ-માંથી પુત્રે રૂપે ઉત્પન્ન થાય છે. એમ વેદમાં કહેલ છે, માટે હે દુર્બુદ્ધિ! તું પોતાનોજ વધ કરવા કેમ તત્પર થયો છે. આ પ્રમાણે ત્યાં કોલાહળ થતાં મહા-ત્મા દયાળુ વિશ્વામિત્રઋષિયે રાજાને આવાં વચનો કહ્યાં.

હે રાજા! આ રૂદન કરતા અને દુઃખીઆ એવા

શુનઃશેપને છોડીદે. તારો યજ્ઞ પુર્ણ થશે. અને તારો રોગ પણ નિર્મૂળ થશે. દયાના સમાન અન્ય પુણ્ય નથી અને હિંસાના સદૃશ એક પણ પાપ નથી. વેદનાં વચનો તો રાગીઓને રૂચિ ઉત્પન્ન કરાવવાને અર્થે છે. વાસ્તવિક રીતે એ વચનોનો હેતુ હિંસાની નિવૃત્તિ ઉપરજ છે, માટે હે રાજા! વિચારી જો કે—સર્વ રીતે શુભઇચ્છનારાએ પોતાના સંરક્ષણ માટે પારકા દેહને કાપી નાખવો એ યોગ્ય નથી. પ્રાણીમાત્ર ઉપર દયા રાખવાથી, જે કાંઇ મળે તેથી સંતોષ રાખવાથી અને સર્વ ઇન્દ્રિઓને વશ્ય કરવાથી ઇશ્વર ત્વરાથી પ્રસન્ન થાય છે. હે રાજેન્દ્ર! સર્વ પ્રાણીઓમાં પોતાનાં શરીર સરખોજ વિચાર કરવો જોઇએ. સર્વદા સર્વ પ્રાણીઓને જીવવુંજ વહાલું છે. તું આ બ્રાહ્મણને મારી પોતાના દેહમાં સુખ કરવા ઇચ્છે છે. ત્યારે આ બ્રાહ્મણને પોતાના સુખના સ્થાન રૂપ દેહનું સંરક્ષણ કરવાની ઇચ્છા કેમ નહોય. હે રાજા! આ છોકરાની સાથે તારે પુર્વજન્મનું વૈર નથી, કે જે વૈરને લીધે તું આ નિરપરાધી બ્રાહ્મણના છોકરાને મારી નાખવા ઇચ્છે છે, વેર વગર પોતાના સુખની અભિલાષાથી જે ધણી જેને મારી નાખે છે. તે ધ-

ણીને પેલો મારેલો પ્રાણી જન્માંતરમાં મારે છે. એ નિશ્ચય છે, આનો બાપ તો મહાદુષ્ટ દુર્બુદ્ધિ અને પાપ કર્મ કરનારો છે કે-જેણે દ્રવ્યના લોભથી પોતાનો પુત્ર તને આપ્યો છે. માણસ પુત્રોની ઇચ્છા કરે છે. તે એટલા માટેજ કે તેઓ પૈકી કોઇપણ ગયા શ્રાદ્ધકરે. અશ્વમેધ યજ્ઞ કરે કે તે નિલોત્સર્ગ કરે. દેશની અંદર જે કાંઇ પાપ કર્મ થાય, તેનો છઠો ભાગ રાજાને ભોગવવો પડે છે, એમાં સંશય નથી જે કોઇ પાપ કરવા સજજ થાય તેને અટકાવવો એ રાજાનો ધર્મ છે. તે છતાં આ અજીગર્ત દીકરાને વેચ્યો ત્યારે તેં તેને શામાટે અટકાવ્યો નહિ. હે રાજા! તું સૂર્યવંશી અને ત્રિશંકુ રાજાનો પુત્ર છે. છતાં તું આવું નિંદ્ય કર્મ કરવા કેમ ઇચ્છે છે? આ બ્રાહ્મણના છોકરાને મુકી દેવાથી અને મારૂં વચન માનવાથી તારા દેહમાં સુખ થશે એમાં સંશય નથી તારો પિતા શાપથી ચાંડાળ થઈ ગયો હતો, તેને પ-ણ મેં એજ દેહથી સ્વર્ગમાં મોકલ્યો છે, માટે એ પ્રીતિનાં સંબંધથી મારૂં આ હિત વચન માનીને આ રૂદન કરતા રાંક છોકરાને છોડીદે. આ નરમેધ યજ્ઞમાં

હું તારી પ્રાર્થના કરૂંછું, તો પ્રાર્થનાના દોષને તું કેમ સમજતો નથી. આ યજ્ઞમાં જે ધણી જે માગે તેને તે વસ્તુ સર્વથા આપવીજ જોઇએ. માટે જો મારૂં વચન માન્ય કરીશ નહિ તો તને નિ:સન્દેહ પાપ લાગશે.

આવાં રાજર્ષિ વિશ્વામિત્રનાં વચન શ્રવણ કરી હરિશ્ચન્દ્રે આવાં વચન કહ્યાં. હે ગાધિરાજાના પુત્ર! હે મુનિ! હું જળોદરથી મહાદુ:ખ પામું છું, માટે આ છોકરાનો ત્યાગ નહિં કરૂં. તમે કાંઇક બીજું માગો. આપે આ કામમાં મને અટકાવવો નહિ. આવાં હરિશ્ચન્દ્રનાં વચન શ્રવણ કરી મહાક્રોધી વિશ્વામિત્ર બ્રાહ્મણના રાંક છોકરાને જોઇ દુ:ખથી બહુજ તપવા લાગ્યા. એ બાળક શુન:શેપને રૂદન કરતો જોઇ દયાથી આતુર થએલા વિશ્વામિત્રે તેના પડખામાં જઇને કહ્યું કે–હે પુત્ર! હું તને વરૂણદેવનો મંત્ર કહું છું તેનો મનમાં જપ કરય. મારી આજ્ઞાથી જપ કરવાને લીધે તારૂં કલ્યાણ થશે. શોકથી વ્યાકુલ થયેલો શુન:શેપ વિશ્વામિત્રનું વચન શ્રવણ કરી સ્ફુટ અક્ષરથી વિશ્વામિત્રના કહેલા મંત્રનો જપ કરવા લાગ્યો. મંત્રના જપથી તે બાળક ઉપર તુરત પ્રસન્ન થયેલા દયાળુ વરૂણદેવે અનાયાસે દર્શન દીધાં, વરૂણને પધારેલા જાણી

મહાવિસ્મય પામેલા અને તેમના દર્શનથી રાજી થયેલા લોકો તેમની સ્તુતિ કરવા લાગ્યા. રોગથી પીડાયલા રાજાએ અત્યંત વિસ્મય પામી તેમના ચરણમાં પ્રણામ કરી હાથ જોડીને વરૂણદેવ કે જે પોતાના સન્મુખ ઉભા હતા તેની આ પ્રમાણે સ્તુતિ કરી.

હે દેવ! હે કરૂણાના સમુદ્ર!! હું કે જે મંદ બુદ્ધિવાળો, પાપી, અપરાધી અને કંગાળ છું તેને આપે પવિત્ર કર્યો. મેં પુત્રને જીવતો રાખવાની ઇચ્છાથી કપટ કરી આપનો અપરાધ કરેલો છે. તે માટે આપે ક્ષમા કરવી. મૂર્ખનો અપરાધ ન ગણવો જોઇએ. અર્થીને દોષનું જ્ઞાન હોય નહિ. એ નિયમ છે, તેથી હું અપુત્ર મરી જઇશ તો નરકમાં પડીશ, એવી બીકથી પુત્રના સંરક્ષણથી મેં આપને ઠગ્યા છે. હે પ્રભુ! અપુત્રને ઉત્તમ ગતિ મળતી નથી; તેમ સ્વર્ગ તો મળતો નથીજ એ વાકયના ભયને લીધે મેં આપનો અપરાધ કરેલો છે, પણ સમજુએ મુર્ખના અપરાધનો વિચાર કરવો ન જોઇએ, મારા પુત્રે મને ઠગ્યો, તેથી હું રોગથી પીડાઊંછું. હે કૃપાઘના! મરણથી ભય પામેલો મારો પુત્ર મને છે-

તરીને વનમાં ક્યાં જતો રહ્યો એ હું જાણતો નથી. તેથી દ્રવ્ય દઇને મેં એક બ્રાહ્મણના પુત્રને વેચાતો ખરીદેલો છે. અને એ ખરીદેલા પુત્રથી આપને પ્રસન્ન કરવા માટે આ યજ્ઞ કરૂંછું. આપનાં દર્શન થતાં મારૂં જળોદર થવાનુ દુઃખ મટી ગયું છે.

આ પ્રમાણે રોગથી આતુર હરિશ્ચન્દ્રરાજાનાં વચન શ્રવણ કરી કૃપાળુ વરૂણદેવે આ પ્રમાણે કહ્યું. હે રાજન્! આ શુનઃશેપ કે જે મારી સ્તુતિ કરે છે, અને અત્યંત આતુર છે. તેને છોડીદે. આ તારો યજ્ઞ પૂર્ણ થયો. અને તું રોગ મુક્ત થા. વરૂણદેવે આ પ્રમાણે કહીને રોગથી પીડાયલા રાજાને, સભાસદોના દેખતા તુરત રોગ રહિત કરયો. આ પ્રમાણે મહાત્મા વરૂણદેવે શુનઃશેપને પાશથી મુક્ત કરયો એટલે તે યજ્ઞમંડપમાં જયજયકાર શબ્દ થઈ રહ્યો. રાજા પણ રોગથી મુક્ત થતાં પરમાનંદ પામ્યો. અને શુનઃશેપ પણ રાજી થયો. અને રાજાએ યજ્ઞ પૂર્ણ કરયો. તે સમય શુનઃશેપે સભાસદોને આ પ્રમાણે કહ્યું. કે—હે ધર્મજ્ઞ સભાસદો! તમે વેદ તથા શાસ્ત્રના અનુસાર યથાર્થ રીતે ધર્મનો નિર્ણય કહો હે વિદ્વાનો

હું કોનો પુત્રછું, અને હવે મારો પિતા કોણ થશે! આપના વચનથી જે મારો પિતા થાય, તેનો હું આશ્રય કરૂં, શુનઃશેપનું આવું બોલવું થતાં સભાસદો આપસ આપસમાં વાતો કરવા લાગ્યા કે–, આ અજીગર્ત્તનો પુત્ર છે તે બીજા કોનો પુત્ર થાય. આ શુનઃશેપ અજીગર્ત્તના વીર્યથી અજીગર્ત્તની સ્ત્રીના ઉદરમાં આવીને ઉત્પન્ન થયો છે. અને પ્રેમથી તેને અજીગર્ત્તે ઉછેરેલો છે. માટે તે બીજા કોઇનો પણ પુત્ર ન હોવો જોઇએ. એ નિશ્ચય છે. આવાં વચન શ્રવણ કરી વામદેવે તે સભાસદોને કહ્યું કે,' અજીગર્ત્તે તો આને દ્રવ્યના લોભથી વેચેલો છે, માટે દ્રવ્ય આપનાર હરિશ્ચન્દ્રનો આ પુત્ર હોવો જોઇએ એ નિઃસન્દેહ છે. વા વરૂણનો પુત્ર હોવો જોઇએ; કેમકે પાશથી વરૂણે આને છોડાવ્યો છે. અન્ન આપનાર, ભયથી સંરક્ષણ કરનાર, વિદ્યા આપનાર, જન્મ દેનાર અને દ્રવ્ય આપનાર એ પાંચે પિતા કહેવાય છે. આ પ્રમાણે કોઇએ અજીગર્તનો, કોઇએ રાજાનો, અને કોઇએ વરૂણનો પુત્ર કહ્યો, પણ વાસ્તવિક નિર્ણય કોઇ પણ કરી શકયા નહિ. આ પ્રમાણે સન્દેહ થતાં

સર્વે માન્ય મહર્ષિ વસિષ્ઠજીએ, વિવાદ કરનારા સભાસદો-ને કહ્યું કે–હું વેદેમાન્ય કરેલો નિર્ણય કહું છું તે શ્રવણ કરો. આ શુનઃશેપને જ્યારથી તેના પિતાએ સ્નેહનો ત્યાગ કરીને દ્રવ્ય લઇ વેચ્યો છે, ત્યારથી તેનો તો સંબંધ તોડાયો. હરિશ્ચન્દ્રે દ્રવ્ય આપીને લીધો, તેથી તે જો કે હરિશ્ચન્દ્રનો ક્રિતપુત્ર થયો, પણ જ્યારથી હરિશ્ચન્દ્રે આને પશુ કલ્પી ખીલા સાથે બાંધ્યો ત્યારથી તે તેનો પણ પુત્ર મટી ગયો. આ બાળકે વરૂણનું સ્તવન કર્યું તેથી પરમાનંદ પામેલા વરૂણે પાશથી મુક્ત કર્યો તેથી વરૂણનો પણ આ પુત્ર નથી; કેમકે જે જેની મંત્રોવડે સ્તુતિ કરે ત્યારે તે સ્તુતિથી પ્રસન્ન થઇને તેને ધન, પ્રાણ, પશુ કે રાજ્ય વા મોક્ષ ગમે તે આપે એમાં કાંઇ આશ્ચર્ય નથી. આમ હોવાથી વાસ્તવિક્ રીતે તો આ શુનઃશેપ રાજર્ષિ વિશ્વામિત્રનો પુત્ર છે. કેમકે વિશ્વામિત્રે તેને દારૂણ દુઃખમાંથી મુક્ત કર્યો છે.

આવાં મહર્ષિ વસિષ્ઠજીનાં વચન શ્રવણ કરી સર્વએ તે વાતનો સ્વીકાર કરયો. એટલે પ્રેમ ભરેલા વિશ્વમિત્રે હે પુત્ર! તું મારી સાથે ચાલ એમ કહી

તેનો જમણો હાથ પકડયો. એટલે શુનઃશેપ પણ તુરતજ વિશ્વામિત્રની સાથે ગયો. અને વરૂણદેવ આનંદથી પોતાને ઘેર ગયા અને ઋત્વિજો તથા સભાસદોપણ પોતપોતાને ઘેર ગયા. અને રોગ મુક્ત થયેલ મહારાજા હરિશ્ચન્દ્ર પણ પ્રેમ પૂર્વક પ્રજાનું પાલન કરવા લાગ્યો. હરિશ્ચન્દ્રનો ઔરસ પુત્ર રોહિત કે જે વનમાંજ હતો તે વરૂણના વૃત્તાંતને શ્રવણકરી આનંદ પામતો પોતાને ઘેર આવ્યો. એટલે દૂતોએ રાજા હરિશ્ચન્દ્ર પાસે આવીને રોહિત આવવાની વધામણી આપતાં હરિશ્ચન્દ્ર પ્રસન્ન થઇને પુત્રના સામો ગયો. પોતાના પિતાને સન્મુખ આવતા જોઇ પ્રેમથી ઉછળતો અને શોકનાં અશ્રુઓ જેના મુખમાં ભરાયાં છે એવો રોહિત મહાઆદર પૂર્વક પૃથિવી ઉપર તેના ચરણમાં દંડની પેઠે પડયો. એટલે રાજાએ પુત્રને ઉઠાડી મહાઆનંદથી આલિંગન કરી માથું સુંઘીને કુશળ પુછયું અને પ્રસન્નતાથી ખોળામાં બેસાડી ઉષ્ણ અશ્રુઓથી તેનું મસ્તક ભીંજવી દીધું અને પછી તે પ્રિયપુત્રને નગરમાં તેડી જઇને તેને વિસ્તારથી નરમેધની વાત કહી સંભળાવી. અને તેને સાથે રાખી

રાજ્ય કરવા લાગ્યો, કેટલોક સમય જતાં એ મોટા રાજાએ રાજસૂય નામનો મહાયજ્ઞ કર્યો અને તેમાં વસિષ્ટ મુનિને સત્કારપૂર્વક હોતા કરયા હતા. એ મહાયજ્ઞ પૂર્ણ થયા પછી રાજાએ પ્રેમસહ પૂજન કરેલા વસિષ્ટમુનિ ઈન્દ્રસભામાં જતાં ત્યાં તેને વિશ્વામિત્રનો સમાગમ થતાં વિશ્વામિત્રે, વસિષ્ટજીને પુછયું કે–'હે મુનિ શ્રેષ્ઠ! આપની આ મહાપૂજા કોણે કયાં કરી? તે મારી પાસે સત્ય કહો. આવો વિશ્વામિત્રનો પ્રશ્ન શ્રવણ કરી વસિષ્ટજીએ કહ્યું કે–મહાપ્રતાપી મહારાજા હરિશ્ચન્દ્ર મારો યજમાન છે. તેણે ઘણીજ ઉત્તમ દક્ષિણાવાળો રાજસૂય યજ્ઞ કર્યો તેમાં મારી ઉત્તમ પૂજા થયેલી છે. એના સદૃશ સત્યવક્તા, નિયમ પાળનાર, દાતા અને પ્રજાને રાજી રાખનાર અન્ય કોઇ રાજા નથી. હું આ અક્ષરસઃ સત્ય કહું છું કે–હરિશ્ચન્દ્ર સમાન સત્યવાદી અને ધર્માત્મા રાજા થયો નથી, હાલ નથી અને થવાનો પણ નથી! આવાં વસિષ્ટજીનાં વચન શ્રવણ કરી વિશ્વામિત્ર કે જેને પોતે ત્રિશંકુના ઉપકારી છતાં પણ પોતાનું વચન ન માનવાથી હરિશ્ચન્દ્ર ઉપર પ્રથમથીજ

ક્રોપ હતો તેને રીસ ચડી કે મહાદુષ્ટ હરિશ્ચન્દ્રનાં વખાણ મારી પાસે કેમ કરે છે. આ પ્રમાણે વિચાર કરી ક્રોધથી લાલચોળ જેનાં નેત્ર થઇ ગયાં છે એવા વિશ્વામિત્રે વસિષ્ટજીને કહ્યું કે–મિથ્યાવાદી અને કપટજ જેને પ્રિય છે એવો હરિશ્ચન્દ્ર કે જેણે વચન આપી વરૂણને પણ ઠગ્યા હતા, તેની તમે આ પ્રમાણે પ્રશંસા કરો છો. માટે જન્મ પર્યન્ત તપ કરવાનું અને વેદાધ્યયન કરવાનું જે મારૂં પુણ્ય છે, અને તમારૂં પણ જે ભારે તપનું પુણ્ય છે. તેની સરત કરો. હે મહાબુદ્ધિમાન્! તમે અત્યંત પ્રશંસા કરેલ એ હરિશ્ચન્દ્રને હું તુરતજ અસત્યવાદી, અત્યંત અદાતા અને મહા ખળ ન કરૂં તો જન્મ પર્યન્તનું એકત્ર કરેલું મારૂં સર્વ પુણ્ય નાશ પામે એ પ્રમાણે સરત કરીએ! આ પ્રમાણે વિવાદ કરતા તે બે મહર્ષિયો, સ્વર્ગ લોકમાંથી પોતાના આશ્રમોમાં આવ્યા.

પછી કોઇ દીવસે હરિશ્ચન્દ્રરાજા મૃગયા કરવા સારૂ વનમાં જતાં ત્યાં કોઈ સુંદર નેત્રવાળી રૂપવાન્ સ્ત્રી રૂદન કરતી તેના જોવામાં આવી. (આ સ્ત્રી રાજર્ષિ વિશ્વામિત્રની માયા હતી.) દયાળુરાજાએ તે

સ્ત્રીને પુછ્યું કે—હે કમળ સરખાં મોટા નેત્રવાળી ! તું શા માટે રૂદન કરે છે? તને કોણે દુઃખ આપ્યું છે? તને જે દુઃખ હોય તે તુરત મને કહે. આ નિર્જન વનમાં તું કોણ છે? તારો પતિ કોણ છે? અને પિતા કોણ છે? મારા રાજ્યમાં રાક્ષસ પણ પર સ્ત્રીને હરકત કરી શકે તેમ નથી. માટે હે સુંદરી ! તને જે દુઃખ દેતો હોય, તેને તુરત મારી નાખું. હે કૃશોદરી ! તારા દુઃખનું કારણ કહે, અને સ્વસ્થ થા. મારા દેશમાં કોઇ પાપી રહી શકેજ નહિ ! આવાં મહારાજા હરિશ્ચન્દ્રનાં વચન શ્રવણ કરી મુખ ઉપરથી અશ્રુ લુહી નાંખીને તે સ્ત્રીએ હરિશ્ચન્દ્રને આવાં વચનો કહ્યાં.

સ્ત્રી કહે છે—હે રાજન ! હું સિદ્ધિ છું. મહામુનિ વિશ્વામિત્ર મને બહુ દુઃખ આપે છે; કારણકે મને સ્વાધીન કરવા સારૂ તે વનમાં ઉગ્ર તપ કરે છે તમારા દેશમાં વિશ્વામિત્રના તપથી હું દુઃખ પામું છું. હું કે જે મનને આકર્ષણ કરનારી છું તેને એ મહર્ષિએ મહાકષ્ટ આપેલ છે.

હરિશ્ચન્દ્ર કહે છે કે—હે વિશાલાક્ષી ! તું સ્વસ્થ થા. તારૂં દુઃખ રહેશે નહિ. તપશ્ચર્યામાં લાગેલા એ મુ-

નિને હું અટકાવીશ. આ પ્રમાણે તે સ્ત્રીની આશ્વાસના કરી તુરત મુનિની પાસે જઈ તેને મસ્તકવડે પ્રણામ કરીને આ પ્રમાણે હરિશ્ચન્દ્રે કહ્યું. હરિશ્ચન્દ્ર કહે છે કે-હે સ્વામી! હે બુદ્ધિમાન્!! આપ તપ કરીને આપના દેહને શામાટે કષ્ટ આપો છો. આ આપનો પ્રારંભ શા હેતુથી છે. સત્ય કહો, આપ તુરત ઉઠો. જો આપની ઇચ્છા હોય તે હું પૂર્ણ કરૂં. હવે તપ કરવું બંધ રાખો મારા દેશમાં દારૂણ અને પ્રજાને કષ્ટ થાય એવું ઉગ્ર તપ કોઇએ કદિ પણ કરવું નહિ.

આ પ્રમાણે વિશ્વામિત્રને કહીને રાજા પોતાને ઘેર ગયો. અને વિશ્વામિત્ર મનમાં તપથી અટકાવવાનો ક્રોધ રાખીને બીજા સ્થળમાં ગયા. અને વિચાર કરવા લાગ્યા કે-મને તપથી અટકાવ્યો એ હરિશ્ચન્દ્રે ભુંડું કર્યું. વસિષ્ઠના વખાણવા પ્રમાણે એ રાજા ધર્માત્મા હોય તો મને અટકાવેજ શામાટે! આ પ્રમાણે મનમાં ક્રોધ આવવાથી વિશ્વામિત્રે હરિશ્ચન્દ્રનું અશ્રેય કરવાનો મનમાં સંકલ્પ કર્યો, મનમાં ગુપ્ત વિચાર કરી એક ભયંકર શરીરવાળા દાનવને સૂવર બનાવી હરિશ્ચન્દ્રના દેશમાં મોકલ્યો. મોટા શરીર વા-

ઓ સૂવર ભયંકર નાદ કરતો અને વાડીના રક્ષકોને ત્રાસ ઉપજાવતો રાજાની વાડીમાં ગયો. માલતી, કદંબ અને જાઇઓના સમૂહોને વારંવાર કંપાવવા લાગ્યો. દાંતથી ધરતીને ખોદવા લાગ્યો. ઝાડો તોડી પાડવા લાગ્યો. ચંપો, કેતકી, મલ્લિકા, કરવીર અને ઉશીર–આદિ શુભ અને કોમળ વૃક્ષોને ખોદી નાખવા લાગ્યો. એ સૂવર મુચુકુંદ, આસોપાલવ, બોલસરી અને તિલકનાં વૃક્ષોને ઉખેડી ઉખેડી વાડીમાં કદન કરવા લાગ્યો. વાડીના સઘળા રક્ષકો હથીઆર લઇને તેના ઉપર દોડયા. અત્યંત આતુર થયેલા માળીઓ હાય હાય કરીને બરકવા લાગ્યા. રક્ષકોએ તેને બાણોથી મારવા માંડયો. તોપણ તેઓથી ત્રાસ ન પામતાં એ કાળ સરખો સૂવર રક્ષકોને દુઃખ દેવા લાગ્યો તે સમય અત્યંત ભયથી દબાયલા રક્ષકો રાજાને શરણે ગયા. અને રક્ષા કરો રક્ષા કરો, એમ ધ્રૂજતા ધ્રૂજતા બોલવા લાગ્યા તેઓને ભયથી વ્યાકુળ થએલા જોઇને રાજાએ પુછ્યું કે–તમોને શો ભય છે? શાથી ભય થયો છે? તે મને કહો. હું દેવ કે રાક્ષસ કોઇથી બીતો નથી. હે રક્ષકો! તમો કોના ભયથી અહિં આવ્યાછો. તે મને કહો. જે દુર્બુદ્ધિ ખળ-

પુરૂષ લોકમાં મારો શત્રુ થયો હશે, તે નિર્ભાગીને હું એકજ બાણથી કાપી નાખીશ. દેવ કે દાનવ ગમે તે હશે, પણ તેને સજેલા બાણેથી મારી નાખીશ. એ શત્રુ ક્યાં છે. તેનું કેવું રૂપ છે? અને કેવું બળ છે?

વાડીના રક્ષકો કહે છે કે—હે રાજા! એ દેવ, દૈત્ય, યક્ષ કે કિન્નર નથી, પણ વાડીમાં મોટી કાયાવાળો કોઇ સૂવર આવ્યો છે. એ સૂવર કોમળ કોમળ ફુલ ઝાડોને દાંતથી નિર્મૂળ કરી નાંખે છે. એણે મહા વેગથી વાડીનું નિકંદન કાઢી નાખ્યું છે. હે મહારાજા! અમોએ એના ઉપર બાણ, લાકડીઓ તથા બીજા હથીઆરોના ઘા કર્યા, પણ તેથી ન ડરતાં ઉલટો અમને સામો મારવા આવે છે.

આવાં તેઓનાં વચન શ્રવણ કરી કોપથી વ્યાકુળ થએલો રાજા તુરત ઘોડા ઉપર ચડીને વાડીમાં ગયો. હાથી, રથ, ઘોડા અને પ્યાદલોવાળું મોટું સૈન્ય સાથે લઇ વાડીમાં ગયો. ત્યાં ઘુરવાટી કરતો બિહામણો મોટો સૂવર તેની દૃષ્ટિએ પડયો. સૂવરને જોઇ તથા વાડીનો ભંગ થયેલો જોઇ ક્રોધથી વ્યાપ્ત થએલો રાજા તુરત ધનુષ્ ખેંચી તેમાં બાણ ચડાવીને

તે સૂવરને મારવા દોડયો. ક્રોધથી વ્યાકુળ થએલા રાજાને ધનુષ્ ધારણ કરીને આવતો જોઇ એ સૂવર તુરત મહાભયંકર શબ્દ કરતો કરતો રાજાના સન્મુખ દોડયો. સૂવરને સન્મુખ આવતો જોઈ તેને મારવાની ઇચ્છાથી રાજાએ તેના ઉપર બાણ ચલાવ્યું. લોંચી ખાઇ તે બાણ વાગવા ન દેતાં સૂવર બળપૂર્વક મહાવેગથી તુરત રાજાનું ઉલ્લંઘન કરીને ચાલ્યો ગયો. સૂવરને જતો જોઇને કોપ પામેલા રાજાએ યત્નથી ધનુષ્ ખેંચીને તીક્ષ્ણ બાણ મૂક્યાં. થોડી વારમાં જોવામાં આવતો અને થોડી વારમાં ન દેખાતો એ સૂવર નાનાં પ્રકારના શબ્દો કરતો કરતો ત્યાંથી નાઠો. કોપ પામેલો હરિશ્ચન્દ્રરાજા ધનુષ્ ખેંચીને મદન સરખા વેગવાળા ઘોડાથી તેની પાછળ ગયો. તેનું સૈન્ય તેનાથી જુદું પડી ભટકતું ભટકતું અન્ય અરણ્યમાં નિકળી ગયું અને એકલો રાજા સૂવરની પાછળ ગયો. મધ્યાહ્નકાળે રાજા નિર્ભય વનમાં પોહોચતાં ભૂખથી અને તરસથી વ્યાકુળ થઈ ગયો, અને તેનો અશ્વ પણ થાકી ગયો. સૂવર દૃષ્ટિએ ન આવતાં ચિંતાગ્રસ્ત અને માર્ગ ભૂ-

લેલો રાજા દારૂણ વનમાં દીનના સમાન ઉભો રહ્યો. અને વિચાર કરવા લાગ્યો કે– ! હું શું કરૂં ? કયાં જાઉં, મને કોઇ સહાયતા આપનાર નથી, આ વનમાં મને માર્ગની ખબર પડતી નથી. તેથી કયાં જાઉં ? નિર્જન વનમાં આ પ્રમાણે વિચાર કરતા રાજાને નિર્મળ જળવાળી એક નદી જોવામાં આવતાં રાજી થએલો રાજા ઘોડાને પાણી પાઇ ઘોડા ઉપરથી ઉતરીને પોતે પણ નિર્મળ જળપાન કર્યું. દિશાઓના ભ્રમથી અત્યંત મોહ પામેલા રાજાને પાણી પીવાથી ત્યાં સુખ થયું. અને પછી તેણે નગરમાં જવાની ઇચ્છા કરી; એટલામાં તો વિશ્વામિત્રજી, વૃદ્ધ બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરીને ત્યાં આવતાં રાજાએ તેને પ્રણામ કર્યા. એટલે વૃદ્ધ બ્રાહ્મણે કહ્યું કે–હે રાજા ! તારૂં કલ્યાણ થાઓ. આ નિર્જન વનમાં એકલા કેમ આવ્યા છો ? અહિં શું કરવાની તમારી જીજ્ઞાસા છે. એ સર્વ મને સ્વસ્થ ચિત્તથી કહો.

હરિશ્ચન્દ્ર કહે છે કે–હે બ્રાહ્મણોત્તમ ! મહાવિશાળ કાયાવાળા એક બળવાન્ સૂવરે મારી પુષ્પવાટિકામાં આવીને કોમળ પુષ્પ વૃક્ષોને ભાંગી નાખ્યાં

તેથી તે દુષ્ટને મારવા માટે ધનુષ્ લઈ હું સૈન્યસહ નગરમાંથી નિકળ્યો. પણ એ પાપી અને માયાવી સૂવર ત્વરાથી મારી દૃષ્ટિ ચુકાવીને ક્યાંય જતો રહ્યો છે, હું તેની પાછળ આવ્યોછું, અને મારૂં સૈન્ય ભૂલથી બીજે સ્થળે ગયું છે. ક્ષુધાથી વ્યાકુળ અને સૈન્યથી વિખુટો પડેલો હું અહિં આવ્યોછું, હે મુનિઓમાં શ્રેષ્ટ! હું મારા શેહેરના માર્ગને જાણતો નથી મારૂં સૈન્ય ક્યાં ગયું એ પણ જાણતો નથી. હે મહારાજ! માર્ગ દેખાડો કે જેથી હું મારા નગરમાં જાઊં. આ નિર્ભય વનમાં મારાં અહો ભાગ્યથી આપ આવીને મળ્યાછો. હું મહા પ્રખ્યાત, રાજસૂયનો કરનાર અને સદા લોકોને જોઇતી વસ્તુ આપનારો અયોધ્યાનો હરિશ્ચન્દ્રરાજાછું. હે મહારાજ! હે બ્રાહ્મણોત્તમ!! યજ્ઞાર્થે આપને પણ જો દ્રવ્યની અભિલાષા હોય તો અયોધ્યામાં આવજો, એટલે પુષ્કળ દ્રવ્ય આપીશ.

આવાં મહારાજા હરિશ્ચન્દ્રનાં વચન શ્રવણ કરી, મહર્ષિ વિશ્વામિત્રે હસીને આ પ્રમાણે કહ્યું. હે ભાગ્યશાળી રાજા! આ તીર્થ પુણ્યકારી, પવિત્ર અને પાપનો નાશ કરનાર છે, માટે અહિં સ્નાન કરી અને

પિતૃઓનું તર્પણ કરો. આજ ઘણો પવિત્ર સમય છે. માટે આ પવિત્ર તીર્થમાં સ્નાન કરીને તમારી શક્તિ પ્રમાણે દાન દીઓ. જે મહાપવિત્ર તીર્થમાં આવીને નાહ્યા વિના જાય તે જન્માંતરમાં આત્મહત્યા કરે એમ સ્વાયંભુવમનુએ કહ્યું છે, માટે આ સર્વોત્તમ તીર્થમાં સ્નાન કરીને તમારી શકત્યાનુસાર પુણ્ય કરો. પછી હું તમને માર્ગ દર્શાવીશ; એટલે તમે નગરમાં જજો. હે સૂર્યવંશી રાજન્! તમે દાનથી રાજી કર્યો એટલે પછી માર્ગ દર્શાવવા સારૂ હું તમારી સાથે આવીશ.

આવાં મુનિનાં કપટ ભરેલાં વચન શ્રવણ કરી રાજા વસ્ત્ર ઉતારી નદીમાં વિધિ પૂર્વક સ્નાન કરવા તત્પર થયો. મુનિનાં કપટ ભરેલાં વચનથી મોહ પામી અશ્વને વૃક્ષ સાથે બાંધીને અવશ્ય ભાવિ પદાર્થના યોગને લીધે રાજા તેમને વશ થઇ ગયો. રાજાએ વિધિપૂર્વક સ્નાન કરીને પિતૃ તથા દેવતાઓનું તર્પણ કરીને વિશ્વામિત્રને કહ્યું કે–' હે સ્વામી! હવે હું તમને દાન આપીશ. ગાય, પૃથિવી. સુવર્ણ, હાથી, અશ્વ, રથ, વાહન કે અન્ય પણ કોઇ લેવાની તમારી ઇચ્છા હોય તે હમણાં આપું. મારે ન આપવા

જેવી કોઇ વસ્તુ નથી, એ મારો પેહેલોજ નિયમ છે, એ નિયમ મેં રાજસૂય નામના યજ્ઞમાં મહર્ષિઓના સમક્ષ પણ સ્વીકારેલછે, એટલા માટે આ ઉત્તમ તીર્થમાં આપનો સમાગમ થયોછે, તો હવે જે આપની ઇચ્છા હોય તે કહો. આપ જે કહેશો તે હું આપીશ.

આવાં હરિશ્ચન્દ્રનાં વચન શ્રવણ કરી વિશ્વામિત્રે કહ્યું કે–હે રાજેન્દ્ર! પૃથિવીમાં મેં પૂર્વે આપની મહાકીર્ત્તિ સાંભળી છે, અને વસિષ્ઠે પણ મારી પાસે વાત કરી છે કે 'હરિશ્ચન્દ્ર સદ્દશ પૃથિવીમાં અન્ય દાતા નથી. સૂર્યવંશમાં હરિશ્ચન્દ્ર સર્વે રાજાઓમાં ઉત્તમ છે, તેના સમાન દાતા કોઈ થયો નથી. અને થવાનો પણ નથી. ત્રિશંકુના પુત્ર હરિશ્ચન્દ્ર સદ્દશ પૃથિવીમાં કોઇ પણ મહા ઉદાર નથી' માટે હે રાજા! આજ હું તમારી પાસે માગુંછું કે મારા પુત્રનો વિવાહ કરવાનોછે માટે મને દ્રવ્ય આપો.

હરિશ્ચન્દ્ર રાજાએ કહ્યું કે–હે બ્રાહ્મણોમાં ઉત્તમ! આપસુખ પૂર્વક વિવાહ કરો, આપની માગણી પ્રમાણે આપીશ. તમને જેટલા દ્રવ્યની જીજ્ઞાસા હશે તે હું અવસ્ય પૂર્ણ કરીશ.

આવાં હરિશ્ચન્દ્ર રાજાનાં વચન શ્રવણ કરી ઠગવા તૈયાર થયેલા વિશ્વામિત્રે ગાંધર્વી માયા પ્રકટ કરીને એક સુંદર પુત્ર અને દશ વર્ષની કન્યા રાજાને દેખાડયાં. અને કહ્યું કે–હે રાજાઓમાં ઉત્તમ! આ વર, કન્યાનો હમણાં વિવાહ કરવાનો છે. માટે આપ કે જે ગૃહસ્થ છો તેને આજે આ બ્રાહ્મણના પુત્ર, પુત્રીનો વિવાહ કરી દેવાથી રાજસૂય યજ્ઞ કરતાં પણ વિશેષ પુણ્ય થશે. આવાં વિશ્વામિત્રનાં વચન શ્રવણ કરી તેમની માયાથી મોહિત થયેલો રાજા! હા હું આપીશ, એટલુંજ બોલ્યો, બીજું કાંઇ પણ બોલ્યો નહિ. પછી વિશ્વામિત્રે માર્ગ દર્શાવતાં રાજા પોતાના નગરમાં ગયો. વિશ્વામિત્ર પણ રાજાને ઠગી પોતાના આશ્રમમાં ગયા. પછી વિવાહનો વિધિ પૂર્ણ કરી વિશ્વામિત્રે અયોધ્યામાં આવીને તે સમય અગ્નિહોત્રની શાળામાં ઉભેલા હરિશ્ચન્દ્રરાજાને કહ્યું કે–'હે રાજન્! આજ આ અગ્નિહોત્રની વેદિમાંજ મને જે જોઇએ છીએ તે દાન આપો.' રાજાએ કહ્યું કે–હે બ્રાહ્મણ! આપને શું જોઇએ છીએ. તે કહો. જે જોઇતું હશે તે ન દેવા જેવું હશે તો પણ

આપીશ. હમણાં આ સંસારમાં કીર્ત્તિ સંપાદન કરવાની મારી અભિલાષા છે, જે મનુષ્ય વૈભવ પામ્યા છતાં પણ પરલોકમાં સુખ આપનારા શુદ્ધ યશને સંપાદન ન કરે; તેનું જીવન વ્યર્થ છે.

વિશ્વામિત્રે કહ્યું કે—હે મહારાજા! આ મહાપવિત્ર વેદિના મધ્યમાં વરને, હાથી, ઘોડા, રથ અને રત્નોથી ભરપૂર સર્વ સામગ્રીવાળું આપનું રાજ્ય આપો. વિશ્વામિત્રનાં આવાં વચન શ્રવણ કરી, તેની માયાથી મોહગ્રસિત થયેલા રાજાએ દૈવયોગને લીધે કાંઇ પણ વિચાર કરયા વગર આપ્યું એમ કહ્યું. અને મહાકઠોર વિશ્વામિત્રે લીધું' એમ કહ્યું. પછી વિશ્વામિત્રે કહ્યું કે—હે રાજન્; હે બુદ્ધિમાન્!! આ દાનમાં જેવી જોઇએ તેવી દક્ષિણા આપો. જે દાન દક્ષિણા વગરનું હોય, તે નિષ્ફળ થાય છે. એમ મનુજીનું કહેવું છે. માટે દાનને સફળ કરવા માટે શાસ્ત્રમાં કહ્યા અનુસાર દક્ષિણા આપો. વિશ્વામિત્રનાં આવાં વચન શ્રવણ કરી, મહા આશ્ચર્યે પામેલા હરિશ્ચન્દ્રરાજાએ કહ્યું કે—હે સ્વામીન્! મારે હાલ કેટલું દ્રવ્ય આપવાનું તે કહો. હે તપસ્વી! આપ નિશ્ચિંત રહો. દાનને પૂર્ણ કરવા માટે હું પૂર્ણ દક્ષિણા આ

પીશ ! રાજાનાં આવાં વચન શ્રવણ કરી વિશ્વામિત્રે કહ્યું કે–' અઢીભાર સુવર્ણ રૂપ દક્ષિણા આપો,' ' રાજા એ આપીશ, એ પ્રમાણે કહ્યું. પછી પોતાની પાસે દ્રવ્ય ન હોવાથી, મેં આ શું કરયું, એ પ્રમાણે રાજાને મહાવિસ્મય થયો. એટલામાં તો રાજાની સેનાવાળાઓ કે જેઓ માર્ગ ભૂલી જવાથી વનમાં રાજાથી છુટયા પડ્યા હતા તેઓ શોધ કરતા કરતા આવ્યા. અને ત્યાં આવી વ્યગ્ર થયેલા રાજાને જોઇ મળવાના આહ્લાદથી ભાગ્યની પ્રશંસા કરવા લાગ્યા. સેનાવાળાઓની વાત શ્રવણ કરી કાંઇ પણ શુભાશુભ ન બોલતાં પોતે કરેલાં કામનો વિચાર કરતો રાજા અન્તઃપુરમાં ગયો.' આ સર્વસ્વ આપી દેવું પડ્યું, એવા દાનનો મેં કેમ સ્વીકાર કરયો. વગડામાં જેમ લૂટારા ઠગી જાય, તેમ બ્રાહ્મણે મને ઠગી લીધો. દૈવની કૃત્યની ગમ પડતી નથી. હાય ! દૈવ ! ! હવે શું થશે ! ! ' આ પ્રમાણે ચિંતામાં નિગ્મન થયેલો હરિશ્ચન્દ્ર રાજા વિહ્વળ થઇને ઘરમાં આવ્યો, તે સમય પોતાના પ્રાણનાથને ચિંતાગ્રસિત નિરખીને રાણી તારામતીએ તેનું કારણ પુછ્યું કે–' હે પ્રા-

ણુનાથ ! આપ ઉદાસીન કેમ જણાઓ છો ? આપને શી ચિંતા છે ? તે કહો, આપણો પુત્ર વનમાંથી આવ્યો. અને વળી આપે રાજસૂય યજ્ઞ પણ કરયો, છતાં આપ શામાટે શોક કરો છો? શોકનું જે કારણ હોય તે કહો, આપનો કોઇપણ શત્રુ નથી. વરૂણ પણ સંતોષ પામ્યા છે. પૃથિવીમાં આપે સર્વ કામ કરી લીધાં છે; છતાં શેનો શોક કરો છો. ચિંતાથી દેહની ક્ષીણુતા થાય છે ચિંતા સદૃશ અન્ય એકપણ દુઃખ નથી. માટે હે રાજેન્દ્ર મુકુટમણિ ! હે વિચક્ષણુ ! ! ચિંતાનો ત્યાગ કરો, અને સ્વસ્થાઓ. આવાં રાણીનાં પ્રીતિ ભરેલાં વચન શ્રવણ કરયાં, છતાં પણ રાજાએ પોતાની ચિંતાનું શુભ કે અશુભ કાંઇપણ કારણ કહ્યું નહિ. ચિંતાગ્રસ્ત રાજાએ ભોજન પણ કરયું નહિ. અને શયનમાં સૂતો તોપણ તેને નિદ્રા આવી નહિ. પ્રભાતે ઉઠીને ચિંતામાં ડુબેલો રાજા સંધ્યા–આદિ નિત્ય કર્મ કરતો હતો, એટલામાં વિશ્વામિત્ર આવ્યા, અને દ્વારપાલદ્વારા ખબર દેવરાવી અન્દર આવીને પુનઃ પુનઃ પ્રણામ કરતા રાજાને કહ્યું કે–હે રાજા ! તેં વચનથી આપવા સ્વીકાર કરેલું

રાજ્ય અને તેની દક્ષિણા રૂપ સોનું મને આપ. તારૂં વચન સત્ય કરય ! હરિશ્ચન્દ્રે કહ્યું કે–' હે સ્વામી ! હે વિશ્વામિત્ર ! ! રાજ્ય કે જે મેં આપને આપેલું છે, તેનો ત્યાગ કરી હું અન્યસ્થળે જઇશ. આપ ચિંતા ન કરો. હે મહારાજ ! આપે શાસ્ત્ર રીત્યાનુસાર મારૂં સર્વ લીધું છે. જેથી દાન ઉપરની સુવર્ણ દક્ષિણા આપવામાં હાલ હું અશક્ત છું. હમણાં તો આખું રાજ્ય આપને આપી દઊંછું, પણ તેના ઉપરની દક્ષિણા તો કાળના યોગથી જ્યારે પુનઃ મારી પાસે દ્રવ્ય આવશે. ત્યારે આપીશ. ' આ પ્રમાણે મુનિને કહી રાજાએ પછી પોતાની રાણી તથા પુત્રને કહ્યું કે–' આ બ્રાહ્મણને મેં વેદીમાં ઉભીને મારૂં, હાથી, ઘોડા, રથ અને સુવર્ણથી ભરપૂર મોટું રાજ્ય દાનમાં આપી દીધું છે. ત્રણ શરીર વગર બાકીનું સર્વસ્વ આપી દીધું છે. માટે હું અયોધ્યાનો ત્યાગ કરી કોઇ અરણ્યમાં જઇશ સઘળી સમૃદ્ધિવાળાં આ રાજ્યને મહર્ષિ વિશ્વામિત્ર ખુશીથી ભોગવે. વિશ્વામિત્રને સન્માન આપતો એ મહાધર્માત્મા હરિશ્ચન્દ્રરાજા પોતાના પુત્ર રોહિતને અને રાણી તારામતીને આ પ્રમાણે કહીને પોતાના ઘરમાંથી બહાર નીકળ્યો

રાજાને જતો જોઇ ચિંતાથી વ્યાકુળ થએલાં અને રાંક મુખવાળા તેની સ્ત્રી તથા તેનો પુત્ર બે રાજાની પાછળ ચાલ્યાં એ ત્રણેને જતાં જોઇ અયોધ્યા નગરીમાં મ્હાહાહાકાર વ્યાપી રહ્યો. અયોધ્યામાં રહેનારાં સઘળાં પ્રાણીઓ કોલાહલ કરવા લાગ્યાં કે-હાય હાય !! હે રાજા ! આ બાવે શું કર્યું ? આ દુ:ખ કયાંથી આવ્યું ? પોતાનું ધારેલું કરનારા દૈવે આપને ઠગ્યા છે. રાજાને રાણી તથા પુત્રની સાથે જતો જોઇ ગામમાં સર્વ વર્ણ તે સમય મહાક્લેશ પામ્યાં, દુ:ખથી પીડાયલા બ્રાહ્મણ-આદિવર્ણો વિશ્વામિત્રને 'દુરાચાર અને ધુર્ત્ત છે' એમ કહી ધિક્કારવા લાગ્યા. નગરમાંથી બાહાર નિકળીને વનમાં જતા રાજાને વિશ્વામિત્રે કહ્યું કે- 'હે રાજા ! મને સુવર્ણ રૂપ દક્ષિણા આપ્યા પછી જજે, અને કદાચ જો તું એમ કહેકે-'હું આપવાનું કહેલું સુવર્ણ નહિ આપું તો હું એ સુવર્ણ નહિ લઊં. તારા હૃદયમાં જો લોભ હોય તો આ સર્વ રાજ્ય પાછું લે. અને જો તું આપી દીધું છે એમ માનતો હો તો દક્ષિણા દેવાનું જે સ્વીકારેલું છે તે પણ આપ. અત્યંત રાંક ચિત્તવાળા

હરિશ્ચન્દ્રરાજાએ આ પ્રમાણે બોલતા વિશ્વામિત્રજીને પ્રણામ કરી હાથ જોડીને આવાં વચન કહ્યાં. 'હે મુનિયોમાં ઉત્તમ! હે ઉત્તમ નિયમ વાળા! હું પ્રતિજ્ઞા કરૂં છું કે આપને સુવર્ણ આપ્યા વગર હું અન્નનું ભોજન કરીશ નહિ. આપ ચિંતાનો ત્યાગ કરો. હે સ્વામી! હું કે જે સૂર્યવંશમાં ઉત્પન્ન થએલ, રાજ સૂયયજ્ઞને કરનાર અને મનુષ્યોને મન વાંચ્છિત આપનાર ક્ષત્રિય રાજા છું તે યદૃચ્છાથી આપીને પછી શી રીતે ના પાડું. મારા ઉપર જે કરજ છે, તે અવશ્ય મારે આપવાનું છે. આપ નિશ્ચિંત રહો. તમે મનથી ઇચ્છેલું સોનું હું આપીશ. પણ મને દ્રવ્ય મળે ત્યાં સુધી આપ જરા ધીરજ રાખો. રાજાનાં આવાં વચન શ્રવણ કરી વિશ્વામિત્રે કહ્યુ કે–'હે રાજન્! તારા સર્વે રાજ્ય ભંડાર અને સૈન્ય–આદિ જે ધનનાં સાધન હતાં તે ગયાં, તો હવે તને દ્રવ્યની પ્રાપ્તિ શી રીતે થશે? તને હવે ધનની આશા વૃથા રહે છે. હું શું કરૂં! તું કે જે નિર્ધન છે, તેને લોભથી પીડતાં મને શરમ આવે છે. માટે તું 'નહિ આપું' એમ કહી દે એટલે હું ખોટી આશા છોડી દઇને જ્યાં

મારી ઇચ્છામાં આવે ત્યાં જાઉં. ચાલ્યા જતા રાજાએ વિશ્વામિત્રનાં આવાં વચન શ્રવણ કરીને કહ્યું કે–હે મહારાજ ! ધૈર્ય ધારણ કરો હું ગમે તેમ કરીને પણ આપીશ. મારો, મારી સ્ત્રીનો અને મારા પુત્રનો દેહ હજી સ્વાધીન છે. તો તે દેહોને વેચીને પણ હું આપને આપીશ. હે વિપ્રોમાં શ્રેષ્ટ ! અયોધ્યાપુરીમાં કોઇ અમારો ગ્રાહક થતો હોય તો જુઓ. નહિ તો પછી હું કાશીમાં જઈ ત્રણે દેહને મૂલ્યથી આપીને દાસ થઇશ. એટલે આપ અઢીભાર સુવર્ણ લઇને સંતોષ પામજો. આ પ્રમાણે કહીને હરિશ્ચન્દ્રરાજા પોતાની સ્ત્રી તથા પુત્ર સહ કાશીમાં ગયો કે જે કાશીપુરીમાં દેવી એવાં શ્રી પાર્વતીજીની સાથે સાક્ષાત્ શ્રી સદાશિવજી રહેલા છે, મનને પરમાનંદ આપનારી તે નગરીમાં જઇને રાજાએ કહ્યું કે–'આ ભવ્ય નગરીનાં દર્શન થવાથી હું કૃતાર્થ થયો છું' પછી ગંગાજીના સમીપ આવી સ્નાન કરી, દેવ–આદિનું તર્પણ તથા પુજન કરીને તેણે જવાનો વિચાર કરયો અને દિવ્ય કાશીપુરીમાં પ્રવેશ કરતાં રાજાને વિશ્વાસ આવ્યો કે આ નગરી કોઇ મનુષ્યની નથી. પણ શ્રી

સદાશિવજીની છે. માટે અહિ મારૂં કાંઈ પણ થશે ! દુ:ખથી પીડા પામતો એ રાજા રાણીની સાથે પગે ચાલ્યો જતો હતો તે સમય દક્ષિણા લેવા માટે પાછળ આવેલા મહર્ષિ વિશ્વામિત્ર તેના જોવામાં આવ્યા. તેમને આવેલા જોઇ વિનય પૂર્વક નમસ્કાર કરી હાથ જોડીને હરિશ્ચન્દ્રે કહ્યું કે–' હે બ્રાહ્મણોત્તમ ! આ મારાં પ્રાણ, મારી સ્ત્રી, અને મારો પુત્ર છે. તેમાંથી આપને જેનું કામ હોય તેને લીઓ. બીજું પણ જે કાંઇ અમારૂં કામ હોય તે આપ કહો. આવાં હરિશ્ચન્દ્રનાં નમ્ર વચન શ્રવણ કરી વિશ્વામિત્રે કહ્યું કે–'તમે દક્ષિણા આપવાની એક માસની અવધી મને કહી હતી. માટે તે તમારાં વચનનું તમને સ્મરણ હોય, તો આજે એ અવધી પૂર્ણ થાય છે. માટે મને દક્ષિણા આપવી જોઇએ.

હરિશ્ચન્દ્રે કહ્યું કે–હે મંહારાજ ! હે જ્ઞાન તથા તપના બળવાળા ! ! હજુ અવધિ પૂર્ણ થઇ નથી. તેમાં અર્દ્ધ દિવસ ન્યૂન છે, માટે તે પૂર્ણ થતા સુધી ધીરજ ધરો વિશેષ સમય જોવાનું નથી.

વિશ્વામિત્રે કહ્યું કે–હે રાજન્ ! બહુ સારૂં. હું

આવતી કાલે આવીશ. અને જો તે સમય તું નહિ આપે તો હું તને શાપ દઇશ. આ પ્રમાણે કહીને વિશ્વામિત્ર ગયા, ત્યારપછી હરિશ્ચન્દ્રરાજા ચિંતા કરવા લાગ્યો કે–' મેં જે સ્વીકારેલ છે, તે દક્ષિણા હું વિશ્વામિત્રને શી રીતે આપી શકીશ, અને દ્રવ્ય આપે એવા સંપત્તિવાળા મિત્રો મને આ નગરીમાં ક્યાંથી મળે, અને બીજી રીતે પણ મને હમણાં દ્રવ્ય ક્યાંથી મળે. રાજાને પ્રતિગ્રહ કરવાનો તો દોષ છે. માટે મારાથી માગવાનું પણ શી રીતે બની શકે, ધર્મશાસ્ત્રોમાં દાન, અધ્યયન અને યજન એ ત્રણજ રાજાઓની વૃત્તિયો કહેલી છે. માટે દક્ષિણા આપ્યા વગર જો હું એમજ પ્રાણ ત્યાગ કરૂં તો બ્રાહ્મણનું દ્રવ્ય ન આપવાને લીધે તે પાપથી મારે નીચ યોનિમાં કીડા થવું પડે, વા પ્રેત થવું પડે માટે તે સર્વે કરતાં શરીરને વેચવું એજ ઉત્તમ છે ' આ પ્રમાણે રાજાને વ્યાકુળ, ચિંતા કરતો અને મુખ નિચું કરીને ઉભેલો જોઇ તેની સ્ત્રીએ આંસુથી ગદ્ગદ ગદ્ગદવાણી વડે કહ્યું કે–' હે પ્રાણેશ ! ચિંતાનો ત્યાગ કરો. અને સ્વધર્મ પાળો. સત્ય રહિત થયેલો મનુષ્ય

પ્રેત સદૃશ ત્યાગ કરવા યોગ્ય છે. હે નરવ્યાઘ્ર ! પુરૂષનો સત્ય પાળવા સમાન અન્ય કોઇ ધર્મ નથી. એમ વિદ્વાનો કહે છે. જેનું વચન મિથ્યા થાય, તેની અગ્નિહોત્ર, અધ્યયન અને દાન-આદિ સઘળી ક્રિયાઓ વ્યર્થ થાય છે. સત્ય બોલનારા બુદ્ધિમાન્ પુરૂષો સંસારને તરી જાય છે. અને અસત્યવાદી, અજીતેન્દ્રિય પુરૂષો નરકમાં પડે છે. એમ ધર્મશાસ્ત્રોમાં કહેલું છે. એક રાજા રાજસૂય તથા સો અશ્વમેધ યજ્ઞ કરીને સ્વર્ગમાં ગયો હતો, પણ એકવાર અસત્ય બોલવાથી ત્યાંથી ભ્રષ્ટ થયો હતો. આવાં સ્ત્રીનાં વચન શ્રવણ કરી રાજા બોલ્યો કે–' આપણા વંશની વૃદ્ધિ કરનારો આ એક પુત્ર છે. તેથી તેને વેચવો એ શાસ્ત્ર વિરૂદ્ધ છે. તેમ સ્ત્રીને પણ વેચાય નહિ. માટે હે સુંદરી! તું ડહાપણની વાર્ત્તા કરે છે, પણ આવાં વિષમ સંકટમાં મારે શું કરવું તે તુંજ કહે. રાણી તારામતીએ કહ્યું કે–હે રાજા! આપનું વચન મિથ્યા ન થવું જોઇએ, માટે મને વેચીને બ્રાહ્મણને દક્ષિણા આપો. પુત્ર ઉત્પન્ન થાય એજ સ્ત્રીઓને રાખવાનું ફળ છે. તો એ ફળ તમને થઇ ચુ-

ર્યું છે. માટે હવે મને રાખવાનું કારણ નથી, આ-વાં રાણી તારામતીનાં વચન શ્રવણ કરતાં હરિશ્ચન્દ્રરાજાને મૂર્ચ્છા આવી ગઇ. પુનઃસંજ્ઞા પ્રાપ્ત થતાં અત્યંત દુઃખથી વિલાપ કરવા લાગ્યો કે–હે પ્રિયા! તું જે કહે છે તે-થી મને મહાદુઃખ થાય છે. હું કે જે પાપીછું તે પ્રે-મ ભરેલાં મંદ હાસ્ય સહ તારાં ભાષણોને ભૂલી ગ-યો એમ તું માનેછે કે શું? હાય! હાય!! હે સું-દર હાસ્યવાળી! તારે આ પ્રમાણે બોલવું જોઇએ? તું આ ન બોલવાનાં વચન કેમ બોલે છે! સ્ત્રીને વેચી નાખવાનું જેને મન થતું નહતું એવો હરિશ્ચન્દ્રરાજા આ પ્રમાણે બોલી પુનઃ મૂર્ચ્છાથી વ્યાકુળ થઇને પૃથિવી ઉપર પડી ગયો. પૃથિવી ઉપર પડેલા તે રાજાને જો-ઈ મહાકષ્ટ પામેલી રાણી તારામતી શોક જનક વિ-લાપ કરવા લાગી કે–હે મહારાજા! હાય હાય! આ-વું સંકટ કોના કોપથી પ્રાપ્ત થયું, કે જેને લીધે ઉત્તમ શયનમાં સુવા યોગ્ય આપ આ સમય રાંકના સમાન પૃથિવી ઉપર પડ્યાછો, જે રાજાએ બ્રાહ્મણોને કરોડો દ્રવ્ય આપેલાં છે, તે મારો પતિ આજ પૃથિ-વી ઉપર શયન કરી રહેલ છે. હાય હાય! હે દૈવ!

આ રાજાએ તારૂં શું અનિષ્ટ કરયું છે, કે જેને લીધે ઇન્દ્ર તથા વિષ્ણુ સમાન રાજાને તેં આવી અધમ દશાને પ્રાપ્ત કરયો છે.' પતિના દુઃખના અસહ્ય ભારથી દબાયલી તે રાણી આ પ્રમાણે વચન કહી પૃથિવી ઉપર પડી ગઇ. આ નિરખી મહા દુઃખ પામેલો અને ક્ષુધાથી પીડા પામતો તેઓનો બાળક પુત્ર રોહિત બોલ્યો કે–' હે પિતા! હે પિતા!! મને ખાવાને આપો. હે માતા! મને ભુખ બહુ લાગી છે. મારી જીહ્વા સુકાય છે. આ સમય મહા તપસ્વી મહર્ષિ વિશ્વામિત્ર કાળ સદૃશ ક્રોધ કરી મનમાં પોતાનું દ્રવ્ય માગવાની જીજ્ઞાસાથી ત્યાં આવ્યા. તેમને જોતાંજ હરિશ્ચન્દ્રરાજા મૂર્ચ્છા ખાઇ જમીન ઉપર પડીગયો. એટલે એ રાજાના શરીર ઉપર પાણી છાંટીને વિશ્વામિત્ર બોલ્યા કે–' હે મહારાજા! તું ઉઠ ઉઠ તારી કહેલી દક્ષિણા મને દે. કરજ ન આપનારાને દિવસે દિવસે દુઃખ વધતુંજ જાય છે! હિમ જેવું ટાઢું પાણી શરીર ઉપર પડતાં રાજાને ચેતના પ્રાપ્ત થતાં વિશ્વામિત્રને જોઇ પુનઃમૂર્ચ્છા પામ્યો. પછી જેને મહાક્રોધ ચડયો છે એવા વિશ્વામિત્રે જાગૃત

ફરીને આવાં વચનો કહ્યાં કે,' મારી ધીરજના સામું જોઇ તું હવે મને દક્ષિણા દે. સૂર્ય સત્યથી તપે છે, પૃથિવી સત્યથી સ્થિર રહે છે, અને સ્વર્ગ પણ સત્યમાંજ રહેલ છે. સત્ય પાળવામાં મહા ધર્મ કહેલ છે. હજાર અશ્વમેધને અને સત્યને કાંટામાં મુકીએ તો તેમાં સત્ય અશ્વમેધ કરતાં વિશેષ છે. અથવા મારે આ બોલવાનું શું કારણ છે ? કાંઈ પણ નથી. હે રાજા ! તું જો મારી દક્ષિણા નહિ આપે તો સૂર્યાસ્ત થયા પછી હું તને અવશ્ય શાપ આપીશ.

આ પ્રમાણે કહીને વિશ્વામિત્ર ત્યાંથી ગયા. વનમાં દુઃખ પામતો અને નિર્ધન તથા ક્રૂર લેણદારે સંતાપેલો રાજા ભયથી આતુર થયો. આ સમય વેદના પારને પામેલો કોઇ બ્રાહ્મણ ઘણા બ્રાહ્મણો સાથે પોતાના ઘરથી બાહાર નિકળીને ચાલ્યો આવતો હતો, તે જોવામાં આવ્યો. એ તપસ્વીને આવતો જોઇ રાણી તારામતીએ, હરિશ્ચન્દ્રરાજાને ધર્મ તથા અર્થથી અવિરૂદ્ધ વચન કહ્યું કે–' બ્રાહ્મણ ત્રણે વર્ણનો પિતા કહેવાય છે, અને પિતાનું દ્રવ્ય પુત્રે લેવું જોઇએ. એ નિઃસન્દેહ છે. એટલા માટે દ્રવ્યાર્થે આ બ્રાહ્મણની

પ્રાર્થના કરવી, એ મારો નિશ્ચય છે.' રાજાએ કહ્યું કે–'હે સુંદરી! હું ક્ષત્રિયછું તેથી પ્રતિગૃહ લેવાને ઇચ્છા રાખતો નથી. યાચના કરવી એ બ્રાહ્મણનો ધર્મ છે. પણ ક્ષત્રિયનો નથી. બ્રાહ્મણ સર્વ વર્ણોના ગુરૂ છે, માટે તેની તો સર્વદા પૂજાજ કરવી જોઇએ પણ તેની પાસે ક્ષત્રિયોએ માગવું ન જોઇએ. મૂખ્યત્વે કરીને યજન, અધ્યયન, દાન, શરણાગતોને અભયદાન અને પ્રજાઓનું પાલન એજ ક્ષત્રિયોનો મુખ્ય ધર્મ છે. 'આપો' એવું કંગાલ વચન તો મારાથી બોલાયજ નહિ. મારા હૃદયમાં તો 'દઉં' એ વચન રમી રહેલું છે. કોઇપણ સ્થળેથી દ્રવ્ય સંપાદન કરીને હું બ્રાહ્મણને આપવા ધારૂં છું. આવાં રાજાનાં વચન શ્રવણ કરી, રાણીએ કહ્યું કે–સમતા, વિષમતા, પરાભવ અને સન્માન કાળથીજ થાય છે. પુરૂષને દાતા બનાવનારો અને યાચક બનાવનારો પણ કાળજ છે. વિશ્વામિત્ર કે જે મોટા જ્ઞાની છે. તેમણે પણ ક્રોધથી ભારી બળ વાપરીને તમને રાજ્યથી અને સુખથી ભૃષ્ટ કરયા એ સ્વધર્મનો ત્યાગ કર્યો, તો તમે હવે સ્વધર્મનો ત્યાગ કેમ કરતા નથી? કા-

ળની ગતિ જોઇને સર્વ કામ સમયાનુસાર કરવું જો-ઇએ. રાજાએ કહ્યું કે–તીક્ષ્ણ ધારવાળી તરવારથી જીહ્વાના બે કટકા કરી નાખવા એ ઉત્તમ છે. પણ માનભંગ થઇને 'આપો' એમ બોલવું એ ઉત્તમ નથી. હું ક્ષત્રિય છું માટે કોઈ પાસે યાચના તો પ્રાણાંતે પણ કરૂંજ નહિ. હું તો મારી ભુજાના બળથી એકત્ર કરે-લું ધન નિરંતર આપ્યા કરૂં, એમ ઇચ્છા રાખું છું.

રાણીએ કહ્યું કે–હે પ્રાણનાથ! યાચના કરતાં આ-પનું મન ક્ષોભ પામતું હોય, તો પણ હું તો ન્યાય માર્ગથી ઇન્દ્રાદિક્ દેવતાઓએ પણ આપને આપેલી છું. માટે શિક્ષા કરવી કે મારૂં સંરક્ષણ કરવું એ આપ-નુંજ કામ છે, માટે મારૂં મૂલ્ય લઇને બ્રાહ્મણને દ-ક્ષિણા આપો. રાણીનાં આવાં વચન શ્રવણ કરી હ-રિશ્ચન્દ્રરાજા 'હાય હાય ભુંડું થાય છે' એમ કહી મહાદુખથી વિલાપ કરવા લાગ્યો. વળી પુનઃસ્ત્રીએ કહ્યું કે–'આ મારૂં વચન માન્ય કરો નહિ તો આપ બ્રાહ્મણના શાપ રૂપ અગ્નિથી બળીને નિચત્વ પામ-શો. મને કાંઇ જુગાર, મદ્યપાન, રાજ્ય કે ભોગને માટે વેચવી નથી, પણ બ્રાહ્મણને માટે વેચવી છે.

માટે જરા પણ અડચણ ન સમજતાં વેચો અને બ્રાહ્મણને દક્ષિણા આપો. મને વેચી આપનાં વચનને સફળ કરો. આ પ્રમાણે પુનઃરાણીએ પ્રેરણા કરતાં રાજા બોલ્યો કે–હે પ્રિયા ! ત્યારે હું નિર્દય થઇને તને વેચું છું તને આવું બોલવાનો ઉત્સાહ આવ્યો તો હવે હું ક્રૂર પુરૂષોથી પણ ન થઈ શકે એવું નિષ્ઠુર કૃત્ય કરૂં છું. ' આ પ્રમાણે બોલી આતુર થયેલા રાજાએ નગરમાં જઈ બજારમાં પોતાની સ્ત્રીને મુકીને અશ્રુથી પૂર્ણ કંઠથી કહ્યું કે–'હે નગર નિવાસીઓ ! મારાં વચન શ્રવણ કરો. આ મારી સ્ત્રીને દાસી તરીકે રાખવાનું જો કોઇને કામ હોય તો હું જેટલું કહું તેટલું ધન આપવાની જેની શક્તિ હોય તે તુરત બોલો ! લોકોએ કહ્યું કે, અરે ! સ્ત્રીને વેચનારો તું કોણ છો ? રાજાએ કહ્યું કે–હું માણસ નથી, પણ ક્રૂરછું, કઠિન છાતીવાળો રાક્ષસ છું ! આ શબ્દ શ્રવણ કરતાંની સાથે તુરત વિશ્વામિત્રે વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધરીને હરિશ્ચન્દ્રને કહ્યું કે–' આ દાસી મને દે; કારણ કે મારી સ્ત્રી સુકુમાર હોવાથી ઘરનું કામ કરી શકતી નથી, માટે મને દાસીની

અગત્ય છે. તને કેટલું દ્રવ્ય આપું.' આવાં વૃદ્ધ બ્રાહ્મણનાં વચન શ્રવણેન્દ્રિય ઉપર અથડાતાં રાજાનું મન દુઃખથી ફાટી ગયું, તેનાથી કાંઇપણ બોલાયું નહિ. એટલે વૃદ્ધ બ્રાહ્મણે કહ્યું કે-તારી સ્ત્રીનાં કામ, અવસ્થા, રૂપ અને શીલના પ્રમાણમાં દ્રવ્ય લે અને મને આપ. સ્ત્રી અને પુરૂષનાં મૂલ્ય વિષે ધર્મ શાસ્ત્રમાં લેખ છે કે બત્રીશ લક્ષણવાળી, ચતુર અને ગુણ તથા શીલ સંપન્ન સ્ત્રીનું કરોડ સોના મોહોર મૂલ્ય છે, અને જો તેવો પુરૂષ હોયતો દશ કરોડ સોના મોહોર તેનું મૂલ્ય છે. આવાં તે વિપ્રનાં વચન શ્રવણકરી રાજા કાંઇપણ બોલ્યો નહિ, એટલે તે બ્રાહ્મણે રાજાના સન્મુખ દ્રવ્ય મુકીને રાણીનો ચોટલો પકડીને ખેંચી, એટલે રાણીએ કહ્યું કે-'હું મારા પુત્રને નિરખી લઊં, તેટલો સમય મને મુકીદો, મુકીદો, પુનઃ આ બાળકનું દર્શન મને થશે નહિ.' આ પ્રમાણે વિપ્રને કહીને તારામતીએ પોતાના રોહિત પુત્રને કહ્યું કે-હે પુત્ર! હું કે જે તારી માતા જે દાસીપણાને પામીછું, તેને જો. હે રાજપુત્ર! તુ મને અડીશ નહિ, હવે હું સ્પર્શ કરવા યોગ્ય નથી.

આવાં પોતાની માનાં વચન શ્રવણ કરી તથા પોતાની માને ખેંચાતી જોઇ જેનાં નેત્ર અશ્રુથી પૂર્ણ થઈ ગયેલ છે. એવો એ બાળક ' મા, મા, એમ કહેતો દોડવા લાગ્યો, પડતો, આખડતો, એ જલફાંવાળો બાળક માનાં વસ્ત્રને હાથમાં લઇને ખેંચવા લાગ્યો. એટલે વૃદ્ધ બ્રાહ્મણે તે બાળકને જોસથી લપડાક મારી. આ પ્રમાણે પુષ્પાંજલી થયા છતાં પણ ' મા–મા ' એમ કહેતો બાળક પોતાને છોડતો નથી તે જોઇ રાણીએ બ્રાહ્મણને કહ્યું કે–હે વિપ્ર ! મારા ઉપર અનુગ્રહ કરીને આ બાળકને પણ ખરીદો. એના વગર હું કામ કરનાર નથી. માટે હે મહારાજ ! હું કે જે નિર્ભાગીછું તેના ઉપર આટલી કૃપા કરો. ' સ્ત્રીનાં વચન શ્રવણ કરી બ્રાહ્મણે હરિશ્ચન્દ્રને કહ્યું કે– ' આ બીજું પણ દ્રવ્ય લે અને તારો પુત્ર દે. એમ કહીને બ્રાહ્મણે પુત્રનું મૂલ્ય પણ હરિશ્ચન્દ્ર આગળ મુક્યું અને તે પુત્રને તેની સાથે વસ્ત્રથી બાંધ્યો. આ પ્રમાણે બન્નેને લઇને આનંદ પામતા વિપ્રે પોતાને ઘેર જવા માંડયું, ત્યારે અશ્રુથી વ્યાકુળ થયેલી રાંક રાણીએ હરિશ્ચન્દ્રને પ્રદક્ષિણા કરી

ગોઠણભર રહીને પ્રણામ કરતાં કહ્યું કે-' મેં કાંઈ દાન કરેલ હોય, હોમ કરેલ હોય, અને બ્રાહ્મણોને તૃપ્ત કરયા હોય તો તે પુન્યના પ્રભાવે મને પુનઃ હરિશ્ચન્દ્રજ પતિ મળજો.' પ્રાણ કરતાં પણ વિશેષ પ્યારી રાણીને પગમાં પડેલી નિરખી હાય, હાય એમ બોલતો રાજા વ્યાકુળ થઇને વિલાપ કરવા લાગ્યો કે- વૃક્ષની છાયા કે જેમાં સત્ય, શીલ કે ગુણ કાંઇપણ નથી તે પણ વૃક્ષનો ત્યાગ કરતી નથી. ત્યારે આ સ્ત્રી કે જેમાં સર્વ ગુણો છે. તે મારાથી કેમ છુટી પડી ! આ પ્રમાણે સ્ત્રીના સંબંધમાં બોલીને, તેણે સ્ત્રીના સાથે બંધાયલો જે પુત્ર તેને કહ્યું કે-' મારો ત્યાગ કરી તું કયાં જાય છે ? હું હવે કઇ દિશામાં જાઊં ? મારા દુઃખનું નિવારણ કોણ કરે ?! મને રાજના ત્યાગથી કે વનવાસથી જેવું દુઃખ થયું નહતું તેવું દુઃખ મને પુત્રના વિયોગથી થાય છે. પુનઃરાણીને કહ્યું કે-' લોકમાં જે સારો પતિ હોય, તેતો સ્ત્રીનો ત્યાગ કરેજ નહિ. હે ભદ્રે ! મેંતો તારો ત્યાગ કરયોછે. અને દુઃખ સમુદ્રમાં નાખી છે. હું તારો પતિ કે જે ઇક્ષ્વાકુના વંશમાં ઉત્પન્ન થયેલો અને રાજયનાં સઘળાં

સુખ ભોગવવાનો અભ્યાસી છતાં આવો નિર્ભાગીછું તેને પામી તું અન્યની દાસી થઇછે. હું મહા શોકરૂપી સમુદ્રમાં ડુબુંછું.' આ પ્રમાણે વિલાપ કરતો રાજા જોતો હતો તેટલામાં પેલો બ્રાહ્મણ સ્ત્રીને તીક્ષ્ણ ચાબખા મારીને લઇ જવા લાગ્યો. સ્ત્રી અને પુત્રને આ પ્રમાણે લઇ જવાતાં નિરખીને મહાદુઃખથી પીડાયલો રાજા પુનઃપુનઃઉષ્ણ નિશ્વાસ મૂકીને વિલાપ કરવા લાગ્યો કે ' પૂર્વે મારી સ્ત્રીને વાયુ, સૂર્ય,ચન્દ્ર અને બીજા કોઇ પણ લોકો જોવા પામતા નહિ. તે આજે દાસીપણું પામેલી છે. સૂર્ય વંશમાં ઉત્પન્ન થયેલ અને કુણી કુણી આંગળીઓવાળો આ પુત્ર પણ વેચાયો, માટે હું કે જે અત્યંત દુર્બુદ્ધિછું તેને ધિક્કાર છે. હે પ્રિયે! બાળ પુત્ર!! હું કે જે દુષ્ટછું તેના અપરાધથી તમોને દુઃખ પ્રાપ્ત થયું છે. હું દૈવાધીન થઇને આવી નીચ દશાને પ્રાપ્ત થયા છતાં મરણ પામ્યો નહિ, માટે મને ધિક્કાર છે! આ પ્રમાણે હરિશ્ચન્દ્રરાજા વિલાપ કરતો હતો; તેટલામાં તો તે વૃદ્ધ બ્રાહ્મણ તેની રાણીને તથા પુત્રને લઇને ત્વરાથી ત્યાંથી જતો રહ્યો. આ સમય મુનિઓમાં ઉત્તમ મહાતપસ્વી, કઠોર વિશ્વામિત્ર બીજું રૂપ ધારણ

કરીને પોતાના શિષ્યોસહ રાજાની પાસે આવીને બોલ્યા કે– ' હે રાજન્ ! જો તારે સત્ય પાળવું હોય, તો મને રાજ્યના દાનની દક્ષિણા આપ, અને તે સાથે તેં મને યજ્ઞમાં જેટલી જોઇએ તેટલી દક્ષિણા આપવાનું પ્રથમ કહેલું છે, તે પણ આપ. હું યજમાન થઇ રાજસૂય યજ્ઞ કરૂં, તેમાં મારે જેટલી બ્રાહ્મણોને દક્ષિણા આપવી જોઇએ, તેટલી દક્ષિણા રાજ્યના દાન કરતાં વિશેષ તારે આપવીજ પડશે ! વિશ્વામિત્રનાં આવાં વચન શ્રવણ કરીને રાજાએ કહ્યું કે– ' હે રાજર્ષિ ! મારી પાસે અઢીભાર સોના કરતાં વધારે ધન આવેલું છે. તોતે સર્વ લઇને તમે મારા કથ્યાનુસાર રાજ્યના દાનની દક્ષિણા તથા રાજસૂય યજ્ઞની દક્ષિણા પણ આપને મળેલી માનો. રાજાનું આ વચન શ્રવણ કરતાની સાથે વિશ્વામિત્રે કહ્યું કે– ' હે રાજેન્દ્ર ! આ દ્રવ્ય કે જે તું દક્ષિણાને માટે આપે છે. તે તને શી રીતે પ્રાપ્ત થયું તે કહે ! રાજાએ કહ્યું કે– ' હે મહાભાગ ! એ વાતની આપને શી અગત્ય છે, એવાત શ્રવણ કરતાં આપને પણ ખેદ થશે. ' વિશ્વામિત્રે કહ્યું કે– ' જે દ્રવ્ય

કુમાર્ગેથી પ્રાપ્ત થયું હોય, તે હું લેતો નથી. સારા માર્ગે આવેલું હોય તેજ હું લઊંછું. માટે આ દ્રવ્ય તારી પાસે શી રીતે આવ્યું તે સત્ય કહે. રાજાએ કહ્યું કે—હે મહારાજ! મેં મારી રાણીને કરોડ સોના મોહેરથી અને પુત્ર રોહીતને દશ કરોડ સોના-મોહોરથી વેચેલ છે. તો આ અગ્યાર કરોડ સોના-મોહોર આપલ્યો.' રાજયના દાનની દક્ષિણા પૂર્ણ થયા કરતાં જે દ્રવ્ય અવશેષ છે તે રાજસૂયની દક્ષિણા માટે થોડું છે, એ જોઇને મહાકોપ પામેલા વિશ્વામિત્રે, શોકથી વ્યાકુળ થયેલા રાજાને કહ્યું કે ' આ દક્ષિણા રાજસૂય યજ્ઞ માટે પૂર્ણ નથી. માટે તે પૂર્ણ કરી દે. હે ક્ષત્રિયાધમ! તું મને આટલી ઓછી દક્ષિણા લેવાને યોગ્ય માને છે કેમ? મારૂં સર્વોત્તમ બ્રાહ્મણત્વપણું મહાભારી તપબળ, ઉગ્ર પ્રભાવ અને શુદ્ધ ધ્યાન નિરખીને મને યોગ્ય દક્ષિણા આપ. મારા જેવાથી ઓછી દક્ષિણા તો લેવાયજ નહિ વિશ્વામિત્રનાં આ ઉગ્રવચન શ્રવણ કરી રાજાએ કહ્યું કે—' હે મહારાજ! બીજું પણ આપીશ; પરંતુ કાંઇક સમયની રાહ જુઓ, મારી સ્ત્રીને અને

બાળક પુત્રને હજુ હમણાંજ મેં વેચેલાં છે; એટલે વિશ્વામિત્રે કહ્યું કે-દિવસનો ચોથો ભાગ કે જે હજુ અવશેષ છે તે પૂર્ણ થતાં સુધી હું વાટ જોઈશ. એ પછી તારે બીજી મુહૂત કરવી નહિ.

આ પ્રમાણે રાજાને કઠોર અને નિર્દય વચન કહીને તે રાજ્યની દક્ષિણાનું પૂર્ણ દ્રવ્ય લઈને ક્રોધમાં ને ક્રોધમાં વિશ્વામિત્ર ત્યાંથી ચાલ્યા ગયા. વિશ્વામિત્રના ગયા પછી શોકથી દબાયલો રાજા પુનઃપુનઃ નિશ્વાસ મુકી નીચું મુખ કરીને ઉચ્ચ સ્વરથી બોલ્યો કે-' હું કે જે શબ જેવો નિસત્વ થઇ ગયો છું. તેને નાણાંવતે ખરીદવાથી જેનું કામ થતું હોય, તે ધણી સૂર્યાસ્ત થતાં પહેલાં તુરત બોલો.' આ પ્રમાણે રાજાનું બોલવું થતાં તેની પરિક્ષા લેવા માટે તુરત ધર્મ દેવ ચાંડાલનું રૂપ ધારણ કરીને ત્યાં આવ્યા. તેના શરીરમાંથી દુર્ગંધ નિકળતો હતો. છાતી વિકરાળ હતી. ડાઢી અને મૂછ મોટી હતી. દાંત ઊંચા હતા. શરીર શ્યામ અને માંસથી ભરપૂર હતું. હાથમાં જુની લાકડી હતી. અને શબનાં પુષ્પ પહેરેલાં હતાં. વિકરાળ અને નિર્દય એ અધમ પુરૂષે રાજાને કહ્યું

કે–' હું તને દાસ કરવા માટે ખરીદું છું. મારે દાસ-ની ઘણી અગત્ય છે. તને કેટલું મૂલ્ય આપવું તે તું કહે.' આવા ક્રૂર દૃષ્ટિવાળા, મહાનિર્દય અને ભુંડા સ્વ-ભાવવાળા એ પુરૂષને બોલતો જોઈ રાજાએ પુછયું કે–! તું કોણ છે?' ચાંડાલે કહ્યું કે–' હે રાજાઓ!-માં ઉત્તમ! આ નગરમાં, પ્રવીર' એવા નામથી ખ્યા-તી પામેલો હું ચાંડાલ છું. તું મારી આજ્ઞામાં સર્વદા રહેજે. અને મરણ પામેલાં મનુષ્યોનાં ખપણ લેવા-નું કામ કરજે' આવાં ચાંડાલનાં વચન શ્રવણ કરી રાજાએ કહ્યું કે–' બ્રાહ્મણ વા ક્ષત્રિય મને ખરીદે એવો મારો વિચાર છે. ઉત્તમનો ઉત્તમ, મધ્યમનો મધ્યમ અને અધમનો અધમ ધર્મ હોય એમ વિદ્વા-નો કહે છે. માટે તું કે જે અધમ છે. તેના ઘરમાં મારો ઉત્તમ ધર્મ ચાલશે નહિ. ચાંડાલે કહ્યું કે–'હે રાજાઓમાં ઉત્તમ.' તારા મનમાં જો એમજ હતું તો મને કોઇ લીઓ એવું ખોટું તું શા માટે બોલ્યો? તું મારી પાસે વિચાર કર્યા વગર બોલ્યો તેથી તને ખોટું બોલવાનો અધર્મ પ્રાપ્ત થયો છે. જે મનુષ્ય વિચારીને બોલે છે તેનું મનગમતું થાય છે, પણ તેં-

તો વિચાર વગરજ વચન કાઢ્યું છે. તું જો સત્યને પ્રમાણ માનતો હો, તો તો મેં તને ખરીદી લીધો છે, એમાં સંશય નથી.' રાજાએ કહ્યું કે,' અસત્ય બોલવાથી અધમપણું પામીને મનુષ્ય તુરતજ ક્રૂર નરકમાં પડે છે. માટે મને ચાંડાલપણું પ્રાપ્ત થાય એ સારૂં છે. પણ અસત્યનો દોષ પ્રાપ્ત થાય એ ઉત્તમ નથી' આ પ્રમાણે હરિશ્ચન્દ્ર બોલતો હતો. તેટલામાં વિશ્વામિત્ર આવ્યા. ક્રોધ અને અસહનતાથી આંખ્યો કાઢીને હરિશ્ચન્દ્રને કહ્યું કે-'આ ચાંડાલ તને મન માન્યું દ્રવ્ય આપવા આવ્યો છે, છતાં તું મને યજ્ઞની પૂર્ણ દક્ષિણા કેમ આપતો નથી.' રાજાએ કહ્યું કે- ' હે મહારાજ વિશ્વામિત્ર ! હું કે જે સૂર્યવંશ જેવા પ્રખ્યાત વંશમાં ઉત્પન્ન થયો છું તે દ્રવ્યેચ્છાથી ચાંડાલનો દાસ કેમ થાઉં ? એમ વિચાર કરૂંછું, વિશ્વામિત્રે કહ્યું કે- ' જો તું ચાંડાલના હાથમાં ના વેચાઇ મારૂં દ્રવ્ય આપીશ નહિ તો હું તને અવશ્ય નિ:સન્દેહ શાપ દઇશ. તું ચાંડાલ પાસેથી વા બ્રાહ્મણ પાસેથી ધન લઇને મને દક્ષિણા દે, એમાં મારે કશો વાંધો નથી; પરંતુ હમણાં ચાંડાલ વગર અન્ય

કોઈ દ્રવ્ય આપનારો જોવામાં આવતો નથી. તેમ હું હવે દ્રવ્ય લીધા વગર અહિંથી પાછો જનાર નથી, હવે માત્ર અર્દ્ધ ઘડી દિવસ અવશેષ રહેલો છે. માટે જો હમણાંજ તું મને મારૂં સોનું દ્રવ્ય નહિં આપ તો હું તને શાપરૂપી અગ્નિથી બાળી નાખીશ.' આવાં વિશ્વામિત્રનાં વચન શ્રવણ કરી અર્દ્ધ મુવેલાની પેઠે વિહ્વળ થયેલા હરિશ્ચન્દ્ર રાજાએ 'ક્ષમાકરજો' એમ કહીને તેનાં ચરણ પકડયાં અને કહ્યું કે હું તમારો દાસ, દુઃખીઓ, રાંક અને વળી તમારો ભક્તછું. માટે ક્ષમા કરો. ચાંડાલનો સમાગમ મહા ભુંડો છે. હે મુનિઓમાં ઉત્તમ! અવશેષ રહેલા ધનના બદલામાં હું તમારોજ સ્વાધીન, તમારૂં કામ કરનાર અને તમારા ચિત્તને અનુસરીને ચાલનાર દાસ થવાને સજજછું.' આવાં રાજાનાં વચન શ્રવણ કરી, વિશ્વામિત્રે કહ્યું કે—હે રાજન્! ત્યારે ભલે એમ કરચ. તું મારોજ દાસ થા! પણ તારે સર્વદા મારૂં વચન માનવું, આવાં વિશ્વામિત્રનાં વચન શ્રવણ કરી હર્ષ પામેલા રાજાએ પોતાનો નવો અવતાર થયો માન્યો અને પછી વિશ્વામિત્રને કહ્યું કે—'હે બ્રાહ્મણોમાં

ઉત્તમ ! હું સર્વદા તમારી આજ્ઞા પ્રમાણે વર્ત્તીશ. એ નિઃસંદેહ છે, મને આજ્ઞા કરો, હું આપનું શું કામ કરૂં. રાજાનાં આવાં વચન શ્રવણ કરી વિશ્વામિત્રે ચાંડાલને કહ્યું કે–' હે ચાંડાલ ! તું મારી પાસે આવ. તું અમારા દાસનું કેટલું મૂલ્ય આપીશ. હમણાં મૂલ્ય લઇને હું આ મારો દાસ તને આપુંછું. માટે આને તું લે. મારે કાંઇ દાસનું કામ નથી, મને તો માત્ર ધનની આશા છે,' વિશ્વામિત્રનાં આ વચન શ્રવણ કરી રાજી થયેલા ચાંડાલે ત્વરાથી સમીપમાં આવીને કહ્યું કે–હે બ્રાહ્મણોત્તમ ! દશ યોજનના વિસ્તારવાળાં પ્રયાગના મંડલમાં રત્નની પૃથિવી કરીને હું તમને આપીશ. આ દાસને વેચીને આપે મારી પીડા મટાડી છે.' પછી એ ચાંડાલે હજારો રત્ન, સોના મોહોર, મણિ અને મોતી આપ્યાં તે વિશ્વામિત્રે લીધાં. આ પ્રમાણે થતાં હરિશ્ચન્દ્રના મુખમાં જરા પણ વિકાર દેખાયો નહિ, તેણે તો ધિરજથી એમજ માન્યું કે–' વિશ્વામિત્ર મારા ધણી થયા છે, માટે તે જે કામ કરવાનું કહે, તે મારે કરવું ! એ સમયમાં તુરત આકાશવાણી થઇ કે ' હે રાજા !

તું ઋણથી મુક્ત થયો. અને રહેલી દક્ષિણા આપી ચુકયો.' આકાશવાણી થયા પછી રાજાને માથે આકાશમાંથી પુષ્પ વૃષ્ટિ થઇ અને ઇંદ્ર સહ મોટા મોટા દેવતાઓ રાજાની પ્રશંસા કરવા લાગ્યા. મહાહર્ષથી વ્યાપ્ત થયેલા રાજાએ વિશ્વામિત્રને કહ્યું કે-'હે મહા બુદ્ધિશાળી મુનિ! તમે મને છોડાવ્યો અને ક્ષણ માત્રમાં કરજથી મુક્ત કરયો, તેથી તમેજ મારા માતા, પિતા અને બંધુછો. હવે હું શું કરૂં. આપનું વચન માનવામાં મારૂં કલ્યાણ છે. રાજાનાં આ વચનથી વિશ્વામિત્રે કહ્યું કે-'હે રાજા! આજથી તારે ચાંડાલનું કહ્યું કરવું. તારૂં કલ્યાણ થાઓ! આ પ્રમાણે કહી ચાંડાલ પાસેથી દ્રવ્ય લઇ, હરિશ્ચન્દ્રને ચાંડાલના હાથમાં સોંપી વિશ્વામિત્ર ત્યાંથી ગયા.

દ્રવ્ય લઇને વિશ્વામિત્રના ગયા પછી રાજી થયેલા ચાંડાળે રાજાને બાંધી હવે કયાં જશે એમ કહીને લાકડી મારી, લાકડી લાગવાથી સંભ્રમ થયેલા, અત્યંત વ્યાકુળ ઇન્દ્રિયોવાળા અને પ્યારાં બંધુઓના વિયોગથી પીડાયલા રાજાને પોતાના પરામાં લાવી લોઢાની બેડી નાંખી, પોતે નિશ્ચિંત થઇને સૂઇ રહ્યો.

બેડીમાં પડીને ચાંડાલના પરામાં રહેતો હરિશ્ચન્દ્રરાજા અન્નજળનો ત્યાગ કરીને સર્વદા શોક કરવા લાગ્યો કે દુઃખથી ઘેરાયલી અને રાંક મુખવાળી મારી સ્ત્રી પોતાની પાસે રાંક મુખવાળા બાળકને જોઈ મારૂં સ્મરણ કરતી હશે કે–રાજા નાણું કમાઇ બ્રાહ્મણને જે આપવાનું કહેલું છે તે આપી અમને છોડાવશે, અને પુત્રને તથા મને રૂદન કરતાં જોઈ આશ્વાસન કરશે પિતાની પાસે જવું છે એમ કહીને રૂદન કરતા અને પિતા પિતા કહેતા બાળકનું સારી રીતે આશ્વાસન કરશે. અહો! મૃગનાં બચ્ચાંના સરખાં નેત્રવાળી એ પ્યારી મને ચાંડાળ થયેલો જાણતી નહિ હોય! અરે! હું રાજ્યથી ભ્રષ્ટ થયો. સંબંધીઓથી છુટો પડયો. સ્ત્રી, તથા પુત્ર વેચવાં પડયાં અને અંતે આ ચાંડાલત્વ પ્રાપ્ત થયું. અહો! મારા ઉપર એક પછી બીજું અને બીજા પછી ત્રીજું એમ ઉપરાઉપર દુઃખજ આવી પડયાં. આ પ્રમાણે સ્ત્રી તથા પુત્રનું નિરંતર સ્મરણ કરતો અને દૈવે પીડેલો એ ચતુરરાજા ચાંડાલના ઘરમાં રહીને દિવસ નિર્ગમન કરવા લાગ્યો. પછી પાંચમે દિવસે એ રાજાને બેડીમાંથી છોડીને ક્રોધી ચાંડાલે કઠોર વચનોથી વારંવાર તરછોડીને મુ-

વેલાં માણસોનાં વસ્ત્ર લેવાનું કામ કરવાની આજ્ઞા ક
રીને કહ્યું કે–કાશીના દક્ષિણ ભાગમાં મોટું મસાણછે,
તેનું તું યોગ્ય રીતે રક્ષણ કરજે અને કદિ પણ એ
સ્થાનને છોડીને જતો નહિ. આ જુનો ધોકો લઇને
તું તે સ્થળમાં તુરત જા, આ ધોકો વીરબાહુનો છે,
એમ ચારેકોર બોલજે. રાજ્યથી ભ્રષ્ટ થયા પછી કે-
ટલાક કાળે હરિશ્ચન્દ્રરાજા આ પ્રમાણે ચાંડાલના હા-
થમાં આવીને મસાણમાં મુવેલ માણસોના ખપણ લે
વાનું કામ કરવા લાગ્યો. ખપણ લેનારા એ વીરબાહુ
નામના ચાંડાલોના પટેલની આજ્ઞાથી રાજા મસાણમાં
ગયો. એ ભયાનક મસાણ નગરથી દક્ષિણ ભાગમાં હતું.
એ સ્થળમાં મહા દુર્ગંધી ધુમાડો ફેલાઈ રહેલો હતો.
ચારે તરફ શબના ફુલ પડેલાં હતાં, માંસ ભક્ષક પ-
શુઓ ભયંકર શબ્દો કરી રહેલાં હતાં. સેંકડો ફ્યા-
વડી, ગરંજ, શીઆળીઆં અને કુતરાં ચારેકોર ફરતાં
હતાં. હાડકાઓના ઢગલા પડ્યા હતા. ઉગ્ર દુર્ગંધ
વ્યાપી રહેલો હતો. અગ્નિમાં પડેલાં અને અર્દ્ધ બ-
ળેલાં શબનાં મુખ ખુલ્લાં થયેલા દાંતની પંક્તિઓથી
જાણે શરીરની એવી સ્થિતિ જોઇને હસતાં હોય એમ

લાગતાં હતાં. મરણ પામેલાં અનેક માણસોના સંબંધી-
ઓનો ઉગ્ર કોલાહલ થઇ રહ્યો હતો. હાય દીકરા!
હાય મિત્ર! હાય બન્ધુ! હાય ભાઇ! હાય પ્યારી!
હાય ભલાભાણેજ! હાય માંમા! હાય દાદા! હાય
નાહના! હાય બાપ! હાય પૌત્ર! તું મને છોડીને ક્યાં
ગયો. આવ આવ! એ પ્રમાણેના સર્વ પ્રાણીઓને
ત્રાસ આપનારા શબ્દો ચારે તરફથી સાંભળવામાં આ
વતા હતા. બળતાં માંસ, વસા અને મેદના છમછમાટ
થઇ રહેલા હતા. અને અગ્નિમાંથી મહાભયંકર ચડ-
ચડાટી નિકળતી હતી. પ્રલયકાળ સરખાં એ દારૂણ
મસાણમાં ગયેલો હરિશ્ચન્દ્રરાજા દુઃખથી શોક કરતો
હતો કે–હે સેવકો! હે મંત્રીઓ! તમો ક્યાંછો? કુળ
પરંપરાનું રાજ્ય ક્યાં ગયું? હે પ્યારિ! હે બાળક પુત્ર!
બ્રાહ્મણના કોપથી હુ કે જે મંદભાગ્યછું તેને છોડીને
તમે ક્યાં ગયાં? કોઇ સ્થળે ધર્મ વગર મનુષ્યનું શ્રેય
થતું નથી, માટે મનુષ્યે યત્ન પૂર્વક ધર્મનેજ સાચ-
વવો જોઇએ. આ પ્રમાણે વિલાપ કરતાં, ચાંડાળનું
કહેલું સંભારીને વારંવાર મુડદાં જોવા જતો હતો. સ
ઘળાં અંગોમાં મેલથી ખરડાયલો, સુકાઇને લાકડી

જેવો થઈ ગયેલો અને મુડદાં શોધવાને અર્થે આમ તેમ ફરતો એ રાજા આ શબનું આટલું મૂલ્ય મળ્યું હતું બીજાનું સો સિક્કા મૂલ્ય મળશે. તેમાંથી આટલું મારૂં, આટલું રાજાનું અને આટલું મારા ધણી ચાંડાળનું એમ વિચાર કર્યા કરતો હતો. દુસ્તર દશાને પામેલા એ રાજાએ જુના એકજ લુગડાંની ગાંઠયો વાળીને કંથા પેહેરી હતી. તેના હાથ, પેટ, મુખ અને પગ, ચિતાના ભસ્મથી અને રજથી ખરડાયલાં હતાં. હાથની આંગળીઓ અનેક જાતનાં મેદ, વસા અને મજ્જાથી ખરડાએલી હતી. અનેક શબોને માટે મુકાયલ ચોખાના પિંડો લઇને ઉદરનો નિર્વાહ કરતો હતો. શબોને પેહેરાવેલાં પુષ્પો એકઠાં કરી તેણે માથે પેહેરવાની ટોપી બનાવી હતી. અહર્નિશ તેને નિદ્રા આંવતી નહતી. અને વારમ્વાર નિશ્વાસ મુકીને હાય હાય ! એમ બોલ્યા કરતો હતો. આ પ્રમાણે હરિશ્ચન્દ્રરાજાએ સો વર્ષ જેવા બાર માસ વ્યતીત કર્યા.

એક દિવસ રોહીત નામનો હરિશ્ચન્દ્રનો કુંવર કાશીથી થોડે છેટે બાળકો સાથે રમવા ગયો, રમી લીધા પછી તેણે કોમળ અને નાનાં મૂળવાળાં અણીઓસહ દર્ભ પોતાનાથી ઉપડે તેટલો લેવા માંડયો

'મારા ધણી બ્રાહ્મણને રાજી કરવા સારૂ લઉં છું' એમ કહીને અતી પ્રેમપૂર્વક અગ્નિમાં હોમને માટે બન્ને હાથથી સારાં સમીધ, દર્ભ, કાષ્ઠ અને પીપળાનાં લાકડાં લઇ માથે ભારી ચડાવીને ત્યાંથી ચાલતાં પગલે પગલે ખેદ પામતો હતો, પણ પ્રેમથી ચાલ્યો જતો હતો ત્યાં માર્ગમાં તરસ લાગતાં પાણીનું ઠેકાણું આવ્યું એટલે તેણે ભારાને માથેથી ઉતારી પૃથિવી ઉપર મુકી પાણી પીધું. પાણી પી જરાવાર વિસામો લઇ રાફડા ઉપર ભારી મુકીને ઉપાડવા લાગ્યો. તેટલામાં તો વિશ્વામિત્રની આજ્ઞાથી મહાઝેરી અને મહા ભયંકર એક કાળોતરો નાગ રાફડામાંથી નિકળ્યો. એ નાગના કરડવાથી તે સમયેજ એ બાળક પડી ગયો. રોહિતને મરણ પામેલો જોઇ તેની સાથેના બાળકોએ ભયથી ઉતાવળા જઇ બ્રાહ્મણને ઘેર તેની માતાને કહ્યું કે 'હે દાસી' તારો પુત્ર ક્રીડા કરવા માટે અમારી સાથે બાહાર આવ્યો હતો, ત્યાં સર્પ કરડવાથી મરી ગયોછે! આ પ્રમાણે તેઓનું વજ્રપાત જેવું વચન શ્રવણ કરી મૂર્ચ્છા પામેલી રાણી કાપી નાખેલી કેળની પેઠે પૃથિવી ઉપર પડી ગઇ. તેને નિરખીને ક્રો-

ધ પામેલા બ્રાહ્મણે તેના ઉપર પાણી છાંટયું એટલે તેને થોડી વારે ચેતના આવી પછી બ્રાહ્મણે તેને કહ્યું કે–'હે દુષ્ટા!' સાયંકાળે રોવું એ અલક્ષ્મી કરનાર અને નિંદિત છે. એમ જાણતાં છતાં તું કેમ રૂદન કરે છે? તારા હૃદયમાં લાજ છે કે નથી? આ પ્રમાણે બ્રાહ્મણે કહ્યું પણ રાણી કાંઇપણ બોલી નહિ.રાંક, પુત્રના શોકથી પીડાએલી, અશ્રુ પૂર્ણ મુખવાળી, અને રજથી ખરડાયલી તે રાણી દયામણી રીતે રૂદન કરતી હતી. તેથી કોપ પામેલા બ્રાહ્મણે કહ્યું કે.'તું મારી પાસેથી તારૂં મૂલ્ય લઇને મારાં કામને બગાડે છે, માટે તને ધિક્કાર છે. તું અશક્ત હતી, ત્યારે મારૂં ધન શા માટે લીધું! 'આ પ્રમાણે તે બ્રાહ્મણે કઠોર વચનોથી વારંવાર તરછોડતાં રૂદન કરતી રાણીએ ગદ્ગદ વાણીથી દયામણી રીતે તેને કહ્યું કે–' હે સ્વામી!' મારો બાળક પુત્ર સર્પ કરડવાથી ગામ બહાર મરી ગયો છે. મને આજ્ઞા આપો હું એને જોવા માટે જાઉં. હે ઉત્તમ નિયમોવાળા! મારે હવે એ બાળકનું દર્શન દુર્લભ થયું છે! આ પ્રમાણે કહીને તારામતી કંગાલના સમાન રૂદન કરવા લાગી.

કોપ પામેલા બ્રાહ્મણે પુનઃ તેને કહ્યું કે—હે દુષ્ટાચારવાળી ! હે બંદી ! તને પાપની ખબર છે કે નથી ? જે મનુષ્ય ધણીની પાસેથી મૂલ્ય લઇને તેના કામમાં અડચણ કરે છે, તે માણસ મહા રૌરવ—આદિ નરકોમાં રંધાય છે. એક કલ્પ પર્યન્ત નરકમાં રહ્યા પછી તેને કુકડાનો અવતાર આવે છે. આવી ધર્મની વાતો તારી પાસે કરવાથી મારૂં શું થવાનું છે ? કાંઇપણ નહિ. જે માણસ પાપાચરણ કરનાર, મૂર્ખ, ક્રૂર, નીચ, અસત્યવાદી અને શઠ હોય તેની પાસે ઉપદેશનું વચન ખારી જમીનમાં વાવેલા બીજના સમાન નિષ્ફળ થાયછે, તને જો કાંઇપણ પરલોકનો ભય હોય તો ઘરનું કામ કરય ! બ્રાહ્મણનું એ પ્રકારનું બોલવું થતાં રાણીએ ધ્રુજતાં ધ્રુજતાં કહ્યું કે—હે સ્વામી ! મારા ઉપર કૃપા કરો. ક્રોધનો ત્યાગ કરો અને પ્રસન્ન થાઓ. હું બાળકને જોઇ આવું, એટલી મને રજા આપો. આ પ્રમાણે કહી પુત્રના શોકથી પીડાયલી તે રાણી બ્રાહ્મણના પગમાં માથું મુકીને રાંકની પેઠે રોવા લાગી. ક્રોધ પામેલો અને તેને લીધે જેનાં નેત્ર લાલ થઇ ગયાં છે, એવા તે બ્રાહ્મણે રાણીને કહ્યું કે—' તારા દીકરાનું

મારે શું કામ છે! તું મારા ઘરનું કામ કર. હવે મારા ક્રોધથી તને ચાબખા વાગવાનું ફળ મળશે. એ તું જાણતી નથી ? બ્રાહ્મણે આ પ્રમાણે કહ્યું, તેથી તે રાણી ત્યાંજ રહીને ધીરજથી ઘરનું કામ કરવા લાગી પગને તેલ ચોળવા—આદિ કામ કરતાં તેને મધરાત વ્યતીત થઇ ગઇ. પછી બ્રાહ્મણે કહ્યુ કે—' હવે તું તારા દીકરાની પાસે જા. તેને બાળવા—આદિ કામ કરીને પાછી તુરત આવજે કે જેથી ઘરમાં સવારના કામમાં જરા પણ અડચણ આવે નહિ. આ પ્રમાણે બ્રાહ્મણની આજ્ઞા મળતાં તે રાણી રાત્રે વિલાપ કરતી કરતી એકલી બાહાર ગઇ. ટોળાંમાંથી છુટી પડેલી હરણીની પેઠે, અને વાછડા વગરની ગાયની પેઠે શોકથી અત્યંત પીડાયલી તે રાણી કાશીથી બહાર જઇ, પોતાના પુત્રને મરણ પામેલો અને રાંકના સમાન કાષ્ઠ, દર્ભ તથા ખડ ઉપર પૃથવીમાં પડેલો જોઈ ઘણાં દુઃખથી મોટી ચીસ નાખીને વિલાપ કરવા લાગી. 'હે પુત્રા મારી પાસે આવ. હમણાં તને શા કારણથી રીસ ચડીછે? એમ કહેતી તે રાણી લથડતી તેની પાસે જઇ મૂર્છા પામીને તેના ઉપર પડી.

પછી સંજ્ઞા પ્રાપ્ત થતાં બાળક પુત્રને બે હાથ વડે છાતીમાં લઇ તેના મુખ ઉપર પોતાનું મુખ રાખીને પીડા ભરેલા શબ્દોથી રોવા લાગી. અને બન્ને હાથ વડે પોતાનું માથું તથા પેટ કુટવા લાગી. હે પુત્ર! હે બાળક! હે પ્યારા! હે સુંદર! હવે મારી શી ગતિ થશે! હે રાજા! તમેં ક્યાં ગયાં. પ્રાણ કરતાં પણ વધારે પ્યારો આ તમારો પુત્ર મરણ પામીને પૃથિવી ઉપર પડ્યો છે તેને જુઓ.' આવો વિલાપ કરતાં વળી જીવતો હશે એવી શંકાથી તેણે તેનું મુખ જોયું. તો મડામુખ થયેલું જાણવામાં આવતાં મૂર્છા પામીને પડી ગઈ. વળી જાગૃત થઇને પુત્રનું મુખ હાથમાં લઇને કહેવા લાગી કે–' હે બાળક! સુવાનો ત્યાગ કરય. તુરત જાગૃત થા. આ મહા ભયંકર મધરાતનો સમય છે, આ સમય સેંકડો શ્યાળવડીઓ, ભૂત, પ્રેત, પિશાચ અને ડાકણો–આદિનાં ઘણાં યૂથ નાદ કરે છે. સૂર્યાસ્ત થતાં તારા સઘળા મિત્રો જતા રહ્યા, છતાં તું એકલો અહિ શામાટે રહેલો છે? આ પ્રમાણે કહેતી કરૂણાજનક રીતે રોવા લાગી. હે બાળક! હે પુત્ર! હે રોહિતકુમાર! હે પુત્ર! તું મને

ઉત્તર કેમ આપતો નથી. હું તારી મા છું, તેને તું જાણુતો નથી કે શું ! મારા સન્મુખ જો. હે પુત્ર! હું દેશનો ત્યાગ થતાં, રાજ્યનો નાશ થતાં, ધણીના હાથથી વેચાતાં અને દાસીપણું પ્રાપ્ત થતાં પણ જીવુંછું તે માત્ર તારૂં મુખ જોઇનેજ જીવુંછું. તારા જન્મ સમયમાં બ્રાહ્મણોએ ભવિષ્ય કહેલું હતું કે-' આ પુત્ર લાંબા આયુષ્યવાળો, સઘળી પૃથિવીનો રાજા, શૂર, ઉદાર, ધીર, માતા-પિતાને રાજી કરનાર, સત્યવાદી, જીતેન્દ્રિય અને ગુરૂ, દેવ તથા બ્રાહ્મણોને પૂજનારો થશે ! આ સર્વ વચનો આજ વ્યર્થ થઇ ગયાં. ચક્ર, મત્સ્ય, છત્ર, શ્રીવત્સ, સાથીઓ, ધ્વજા, કલશ, ચામર, તથા બીજાં પણ જે લક્ષણો તારા હાથની હથેલીમાં છે, તે સર્વ આજ ખોટાં પડી ગયાં. હે રાજા ! હે પૃથિવીનાથ !! મારૂં રાજ્ય, મંત્રીઓ, સિંહાસન, છત્ર, ખડ્ગ, અપારધન, અયોધ્યા, મોહાલ, હાથી, ઘોડા, રથ અને પ્રજા કયાં ગયાં ! હે પુત્ર ! એ સર્વનો તથા મારો ત્યાગ કરીને તું કયાં ગયો ! હે પતિ ! હે હરિશ્ચન્દ્રરાજા !! આવો, અને આ પોતાના દીકરાને જુઓ. જેણે કેસરના લેપન વાળી તમારી મોટી

છાતીને રીખતાં રીખતાં પોતાના શરીર ઉપરની રજના ગારાથી મેલી કરી નાખી હતી, અને જેણે ખોળામાં બેસી તમારા કપાળમાં રહેલા કસ્તૂરીના ચાંલ્લાને બાળકપણાથી ભુંસી નાખ્યો હતો, તે બાળકની આ દશા થયેલી છે, તે જુઓ. જે મુખને માટીથી ખરડાયલું છતાં પણ સ્નેહાવેશથી હું બચી લેતી હતી, તે મુખ આજ માખીઓથી ઘેરાયલું અને કીડાઓથી દૂષિત કરી, નાખેલું છે, તે જુઓ. હે રાજા! આ પુત્ર મરણ પામીને રાંકના સમાન ધરતી ઉપર પડેલો છે, તેને જુઓ. હે દૈવ! પૂર્વ જન્મોમાં મેં તારૂં શું ભુંડું કર્યું હતું, કે જે કર્મના ફળનો છેડોજ અહિ જોવામાં આવતો નથી. હે પુત્ર! હે બાળક! હે વત્સ! રે દીકરડા!! હાય હાય!!!'

આવી રીતના એ રાણીના છાતી ફાટી જાય એવા કરૂણાજનક વિલાપને શ્રવણ કરી જાગૃત થયેલા શહેરના ચોકીવાળાઓ મહાવિસ્મય યુક્ત થઇને તેની પાસે આવ્યા એ લોકોએ તેને પુછ્યું કે–' તું કોણ છે? અને આ બાળક કોણ છે? તારો પતિ ક્યાં છે? અહિ રાતના સમયમાં તું એકલી છતાં બીતી કેમ

નથી ? અને શા માટે રૂદન કરે છે ?' આ પ્રમાણે તેઓએ પુછ્યું પણ રાણીએ કશું પણ કહ્યું નહિ. એટલે ચોકીવાળાઓએ બીજીવાર પુછ્યું, પણ રાણી કશું પણ બોલી નહિ, અને ઉગ્ર દુઃખથી પીડા પામતી વિલાપ કરવા લાગી. અને આંસુઓની ધારા ચલાવવા લાગી. તેથી તેના ઉપર વિપરીત શંકા આવતાં ત્રાસ પામેલા અને જેઓનાં રૂંવાડાં ઉભાં થઈ ગયેલાં છે એવા એ લોકો હાથમાં હથિયારો લઇ, પરસ્પર બોલવા લાગ્યા કે– 'આ કાંઇપણ બોલતી નથી. તેથી આ અવશ્ય સ્ત્રી જાતિ તો નથી, આતો કોઇ બાળકોને મારનારી રાક્ષસી છે, માટે યત્નપૂર્વક આને મારી નાખવી એ યોગ્ય છે. જો આ રાસક્ષી ન હોય તો અર્દ્ધરાતને સમય અહિ ગામથી બાહાર શામાટે આવીને બેસે. અવસ્ય આ રાક્ષસી ખાઈ જવાને માટે કોઇના બાળકને લાવીછે,' આ પ્રમાણે કહીને તેઓએ તો જોસથી તેનો ચોટલો પકડ્યો, કોઇએ તેનો હાથ ઝાલ્યો, અને કેટલાકે તેને કન્ઠથી પકડી. આ આકાશમાં ફરનારી છે, તેથી ઉડી જશે. એમ કહી દૃઢ રીતે પકડી ખેંચી, ખેંચીને એ શસ્ત્રધારી

ઘણા લોકો તેને પરામાં લઈ ગયા અને ચાંડાલને કહ્યું કે– ' હે ચાંડાલ ! આ બાળહત્યા કરનારીને અમે ગામ બાહાર જોઇ, તેથી પકડીને તારી પાસે લાવ્યા છઇએ, માટે તુરત આને બાહાર લઇ જઇને તારે મારી નાખવી. ચાંડાલે એ સ્ત્રીને જોઇને કહ્યું કે– ' આ લોક પ્રખ્યાત રાક્ષસીને હું જાણું છું; બીજા કોઇએ જોયેલી નથી. આ રાક્ષસીએ લોકોનાં ઘણાં બાળકોને લાવી લાવીને ખાધાં છે, આને પકડવાથી તમોએ આજે મહાપુણ્ય કર્યું, અને આ પુણ્ય કરવાથી જગતમાં તમારૂં નામ અવિચળ રહેશે, હવે સુખેથી જાઓ, જે પ્રાણી, બ્રાહ્મણ, સ્ત્રી તથા બાળકની હત્યા કરનાર, સુવર્ણ ચોરનાર, અગ્નિ મુકનાર, લૂટારા, મધપીનાર, સાવકીમાનો સંગ કરનાર કે ઘણા લોકોનો વિરોધી હોય, તેનો વધ કરવામાં પુણ્ય થાય છે, આવાં કામ કરનાર બ્રાહ્મણ કે સ્ત્રી હોય, તો પણ તેને મારી નાખવામાં દોષ નથી. આનો વધ કરવો મારે યોગ્યજ છે.' એમ કહીને એ ચાંડાલે તે રાણીને દૃઢ બંધનોથી બાંધી, ચોટલો ઝાલીને રસીઓથી પ્રહાર કરયો. અને પછી તેણે કઠોર વ-

વચનોથી હરિશ્ચન્દ્રને કહ્યું કે– 'અરે દાસ ! આ દુષ્ટ સ્ત્રીને મારી નાખ્ય, આમાં તારે જરા પણ વિચાર કરવો નહિ.' વજ્રપાત સરખું ચાંડાલનું વચન શ્રવણ કરી ધ્રુજતા અને સ્ત્રીની હત્યાથી શંકા પામેલા હરિશ્ચન્દ્રે તે ચાંડાલને કહ્યું કે– 'આ કામ મારાથી થઇ શકશે નહિ, માટે કોઈ બીજા સેવકને કહો કે તે આનો વધ કરે, આ વગર બીજું અસાધ્ય કામ કરવાનું તમે કહેશો તો પણ હું કરીશ, હરિશ્ચન્દ્રનું વચન શ્રવણ કરી ચાંડાલે કહ્યું કે– 'તું ભયનો ત્યાગ કરી હાથમાં તરવાર લે, આને મારી નાખવામાં પુણ્ય થશે. આ સ્ત્રી બાળકોને ત્રાસ આપનારી છે. માટે આને કદિપણ બચાવવી ન જોઇએ ! ચાંડાલનું આવું વચન શ્રવણ કરી રાજા બોલ્યો કે– 'સ્ત્રીઓની તો ઘણા યત્નથી રક્ષા કરવી જોઇએ. કદિપણ મારી નાખવી ન જોઇએ, ધર્મમાં તત્પર રહેનારા મુનિઓએ સ્ત્રીને મારવામાં પાપ કહેલું છે. જે પુરૂષ જાણીને વા અંજાણતાં સ્ત્રીનો વધ કરે તો તે પુરૂષ મહારૈરવ નામના નરકમાં રંધાય છે,' ચાંડાલ બોલ્યો કે–તું એમ ન બોલ અને વિદ્યુત્ જેવી ચમ-

કતી આ તીક્ષ્ણ તરવાર લે, જે એક જણને મારી નાખવાથી ઘણાં જનને સુખ થતું હોય, તો તેને મારી નાખવામાં ઘણું પુણ્ય છે. આ દુષ્ટ સ્ત્રી લોકોનાં ઘણાં બાળકોને ખાઈ ગઇ છે, માટે આને તુરત મારી નાખ્ય. આમ કરવાથી લોકો સુખી થશે રાજાએ કહ્યું કે–' હે ચાંડાલોના પટેલ! સ્ત્રી હત્યા ન કરવાનું મારૂં જન્મભરનું પાકું વ્રત છે. માટે હું સ્ત્રીનો વધ નહિ,કરૂં! ચાંડાલ બોલ્યો કે–' હે દુષ્ટ! ધણીના કામથી ઉપરાંત બીજું કયું કામ છે. તું મૂલ્ય લઇને આજ મારા કામને કેમ બગાડે છે. જે માણસ ધણીની પાસેથી મૂલ્ય લીધા છતાં તેનું કામ ન કરે, તેનો હજારો કલ્પે પણ નરકમાંથી છુટકો થતો નથી.' રાજાએ કહ્યું કે–' હે સ્વામી! હે ચાંડાલોના પટેલ!! બીજું ભારે કામ આવે તો તે મને સોંપજો, પણ આ કામ મારાથી થશે નહિ, તમારો કોઈ શત્રુ હોય, તો તેને હું અવસ્ય મારી નાખીશ. દેવ, દૈત્ય નાગ, સિદ્ધ અને ગંધર્વોસહ ઇન્દ્ર તમારો શત્રુ થયો હશે, તો તેને પણ સજેલાં બાણો મારીને જીતી લઇશ.' આ પ્રમાણે રાજા હરિશ્ચન્દ્ર-

તું બોલવું શ્રવણ કરી કોપ પામેલા ચાંડાલે કહ્યું કે–' હે દાસ ! તેં જે કહ્યું તે ઘટિત નથી, તું ચાંડાલનો દાસ થઈને શૂરવીરનું વચન બોલે છે, એ યોગ્ય નથી, હે દાસ ! હું વિશેષ શું કહું, મારી વાત શ્રવણ કરય. હે નિર્લજ્જ ! તારા મનમાં જો પાપની બીક હતી, તો તું ચાંડાલના ઘરમાં દાસ શામાટે થયો, તું મારો દાસ છે. એ માટે આ તરવાર લે અને આ સ્ત્રીનું માથું કાપી નાખ. આ પ્રમાણે કહીને ચાંડાલેરાજા હરીશ્ચન્દ્રના હાથમાં તરવાર આપી. એટલેહરિશ્ચન્દ્રે નિચું મુખ કરીને રાણીને કહ્યું કે–હે સુંદરિ ! હું કે જે પાપીછું, તેની પાસે આ સ્થળમાં બેસ. જો મારો હાથ ઉપડશે, તો હું તારૂં માથું કાપી નાખીશ. એમ કહી ખડ્ગ ઉગામીને રાજા મારવા ગયો, રાજા પોતાની સ્ત્રીને ઓળખતો નહતો. અને રાણી રાજાને ઓળખતી નહતી. મહા દુઃખતી પીડાયલી અને પોતાના મરણને ઈચ્છતી રાણી બોલી કે–' હે ચાંડાલ ! મારી જરા વાત શ્રવણ કરય. જો તું હા પાડે તો મારો પુત્ર મરી ગયો છે, અને ગામથી બાહાર દૂર નથી, તેને તારી પાસે લાવીને બાળું. અને પછી તું મને તર-

વારથી મારી નાખજે.' હરિશ્ચન્દ્રે હા પાડી ને તેને બાળકની પાસે જવાનું કહેતાં મહા દુઃખ પામેલી અને દારૂણ વિલાપ કરતી તે રાણી બાળકની પાસે ગઈ. સર્પે કરડેલા બાળકને, હે પુત્ર! હે વત્સ! હે બાળક! એમ વારંવાર બોલાવતી, દુર્બળ, ઝાંખી થઇ ગયેલી, મલીન અને જેના કેશ ધૂળથી ભરાઈ રહ્યા હતા, એવી તે રાણી બાળકને લઇ સ્મશાનમાં આવી, અને બાળકને નિચે મુકીને ધરતી ઉપર બેઠી. પછી પતિનું સ્મરણ કરીને વિલાપ કરવા લાગી કે— હે રાજા! પોતાના મિત્રોની સાથે રમતાં દુષ્ટ સર્પે કરડવાથી મરણ પામીને આજ આ પૃથિવી ઉપર પડેલા મારા પુત્રને દેખોછો કે નહિ? તેના વિલાપનો શબ્દ શ્રવણ કરી, હરિશ્ચન્દ્રે શબની પાસે આવીને, તે શબને જોવા સારૂ શબના ઉપરનું વસ્ત્ર ખેંચ્યું. રૂદન કરતી પોતાની અબળા સ્ત્રી કે જે લાંબા દિવસના પ્રવાસથી તપી રહેલી, અને જાણે જન્માન્તરે પામેલી હોય એવી થઇ ગઇ હતી, તેને રાજા ઓળખતો ન હતો તેમજ રાણી પણ સુન્દર કેશવાળા, જટાધારી અને સુકેલા વૃક્ષની છાલજેવા થઇ ગયેલા

રાજાને તે પાસે ઉભેલો જોતાં છતાં પણ ઓળખતી ન હતી. ઝેરથી મરણ પામેલ, પૃથિવી ઉપર પડેલ તે બાળકને રાજલક્ષણવાળો નિરખીને રાજા મનમાં વિચાર કરવા લાગ્યો કે–' આનું મુખ પૂર્ણિમાના ચ-ન્દ્ર જેવું સુન્દર, ઊંચી નાસિકાવાળું, વ્રણ વગરનું અને બેઅરીસા જેવા ઊંચા ગાલથી શોભી રહેલું છે. કેશ શ્યામ, વળેલી અણીયોવાળા, સરખા, લાંબા, અને વાંકા છે. નેત્ર કમળ સરખાં છે, હોઠ ઘોલાં જેવા રાતા છે. છાતી મોટી છે. આંખ્યો લાંબી છે, હાથ લાંબા છે. ખભા ઊંચા છે. પગ વિશાળ અને કમળના નાળ સરખા કોમળ છે. આંગળીઓ ઝીણી છે. નાભિ ઊંડી છે. અને ડોક ઊંચી છે. અહો ! આ ખેદની વાર્ત્તા છે. આ કોઇ રાજાના કુળનો બા-ળક છે. તેને દુરાત્માકાળે પોતાના પાશમાં લઇ લીધો છે' પછી માએ ખોળામાં સુવાડેલા તે બાળકને આ પ્રમાણે સારી પેઠે જોઇને સ્મરણ આ-વવાને લીધે ' હાય હાય ' કહીને રાજા અશ્રુ ખે-રવવા લાગ્યો. રાજા મનમાં વિચાર કરવા લાગ્યો કે–' રખેને આ દુષ્ટ કાળે પોતાના તંત્રમાં લઇને

આવી દશાને પમાડેલો મારો પુત્ર હોય. વિચાર કરીને હરિશ્ચન્દ્રરાજા એમને એમ ઉભો હતો, ત્યાં દુઃખના આવેશથી રાણી વિલાપ કરવા લાગી કે–' હે પુત્ર! કયા દુષ્ટ પુરૂષના કોપથી આ મોટું ભયંકર દુઃખ આવી પડ્યું છે, તે જણાતું નથી. હે સ્વામી! હે રાજા! હું કે જે દુઃખણીછું તેનો ત્યાગ કરીને તમે કયે સ્થળે નિશ્ચિંતપણાથી રહેલાછો. અને શા કારણથી રહ્યાછો. હે દૈવ! તેં આ તે શું કર્યું! હરિશ્ચન્દ્રરાજાને રાજ્યથી ભ્રષ્ટ કરયા. સંબંધીઓથી છુટા પાડયા. અને છેલીવારે તેનીપાસે સ્ત્રી તથા પુત્રને પણ વેચાવ્યાં. આ પ્રમાણે સ્ત્રીનાં વિલાપનાં વચન શ્રવણ કરી, સ્થાન ભ્રષ્ટ થયેલા હરિશ્ચન્દ્રરાજાએ રાણીને તથા મરણ પામેલા પુત્રને ઓળખ્યાં, કે આ સ્ત્રી મારી છે, અને બાળક પુત્ર પણ મારોજ છે, બહું ભુંડું થયું. ઓળખીને સંતાપ પામેલા રાજાને બહુમૂર્છા આવી ગઈ. પીડા પામેલી તે રાણી પણ એ અવસ્થાને પામેલા રાજાને કાંઇક ઓળખી મૂર્છાથી ચેષ્ટા રહિત થઇને પૃથિવી ઉપર પડી ગઈ, પછી બન્નેને સાથે સંજ્ઞા પ્રાપ્ત થતાં તાપ પામેલાં અને

શોકના ભારથી દબાયલાં તે રાજા અને રાણી વિલાપ કરવા લાગ્યાં. રાજા બોલ્યો કે—હે પુત્ર ! તારા સુકુમાર અને વાંકા કેશવાળાં મુખને આ સમય હું રાંક થયેલું જોઉં છું તે છતાં મારી છાતી કેમ ફાટી પડતી નથી. હવે 'બાપુ ! બાપુ !!' એમ બોલતાં પોતાની મેળે આવેલા ક્યાજણનું આલિંગન કરીને હું સ્નેહથી બચ્ચા બચ્ચા કરીને બોલાવીશ. હવે કોના ગોઠણથી ચોપડાએલી પૃથિવીની પીળી રજથી મારૂં વસ્ત્ર, ખોળો તથા અંગ મેલાં થશે, હે મનને તથા હૃદયને રાજી કરનારા પુત્ર ! મને હજુ સુધી પુત્રનું પુરૂં સુખ મળ્યું નથી. તું મારા જેવા બાપને પામીને સાધારણ વસ્તુની પેઠે વેચાયો છે, ભાગ્યના દોષને લીધે બાંધવ તથા ધન સહુ મારૂં સઘળું મોટું રાજ્ય ગયુ. હું કે જે દુષ્ટ છું તેણે આવી સ્થિતિમાં સર્પે કરડેલા પુત્રનું મુખ દીઠું તેથી હું વિશેષ સંતાપરૂપી ઉગ્ર ઝેરથી પીડાઉં છું ! આ પ્રમાણે કહીને તે મરણ પામેલા બાળકને લઇને આલિંગન કરી આંસુથી ગળગળો થઇને મૂર્છા આવવાથી પડી ગયો. એને પડેલો જોઇ શૈવ્યા—તારામતીરાણીએ વિચાર કર્યો કે—

'સ્વર ઉપરથીજ જણાય છે કે-પુરૂષોમાં સિંહરૂપ અને વિદ્વાનોના મનને ચન્દ્રના સમાન આનંદ આપનાર આ હરિશ્ચન્દ્રજ છે, આનું નાક ઊંચું, તથા તલના પુષ્પ જેવું સુંદર છે, અને દાંતપણ કળી જેવા છે તેથી આ વિખ્યાત કીર્તિવાળો મહાત્મા હરિશ્ચન્દ્રજ છે. પણ જો એજ રાજા હોય, તો સ્મશાનમાં શા માટે આવેલ હશે પછી એ રાણી પુત્રના શોકને ઓછો કરીને પડેલ પતિને જોવા લાગતાં નિશ્ચય થવાથી વિસ્મય પામી અને કાંઇક રાજી થઇ. રાંક અને પતિ તથા પુત્રના શોકથી પીડાયલી તે રાણી જોતાં જોતાં મૂર્છા આવવાથી ધરતી ઉપર પડી ગઇ. ઘણીવારે ચેતના આવતાં તે ગદ્ ગદ્ વચન બોલી કે-હે દૈવ! હે નિર્દય!! હે મર્યાદા રહિત!! હે દુષ્ટ!! તું કે જેણે આ દેવ સરખા રાજાને ચાંડાલપણું આપ્યું છે. તેને ધિક્કાર છે. રાજ્યનો નાશ કરી, સંબંધીઓનો ત્યાગ કરાવી સ્ત્રી તથા પુત્રને વેચાવીને તેં છેલ્લીવારે રાજાને ચાંડાલ પણ કરયો. હે રાજન! આજ તમારી પાસે છત્ર, સિંહાસન કે ચામર જોવામાં આવતાં નથી આ તે ભાગ્યનો કેવો ફેરફાર થયો. પૂર્વે જે રાજા ચા

લતાં, સેવક થયેલા રાજાઓ પોતાનાં વસ્ત્રોથી પૃથિવીને રજ વગરની કરતા હતા, તે રાજા આજ માણસની ખોપરીઓ, શબના ધડ, અને ખપણોથી સંકીર્ણ થયેલા અપવિત્ર સ્મશાનમાં ફરે છે ! ! ! આ દારૂણ સ્મશાન કે જેમાં મુડદાંઓને પેહેરાવેલી પુષ્પોની માળાઓના ઉડતા દોરાઓની અંદર વાળનાં ગુંચરાં લાગી રહેલાં છે. જેમાં સઘળી ધરતી સૂર્યનાં કિરણોથી સૂકાયલા ચરબીના ઝારાઓથી વ્યાપ્ત છે. જેમાં ભસ્મ, અંગારા, અર્દ્ધ બળેલાં લાકડાં અને માંસની ગલગીચથી ત્રાસ વર્ત્તી રહેલો છે. જેમાં ગરજ અને શીઆળીઆઓના નાદ વ્યાપી રહ્યા છે. જેમાં માંસ ખાનારાં પક્ષીઓ પુષ્ટ થયેલાં જોવામાં આવે છે. જેમાં સઘળી દિશાઓ ચિતાઓના ધુમાડા રૂપી લાંબાં લુગડાંઓથી સ્યામ થઇ રહેલી છે. અને જેમાં શબોને ભક્ષણ કરવાના આનંદથી રાક્ષસો ખેંચાયા આવે છે. તેમાં આ મોટો રાજા દુઃખથી પીડાઇને ફર્યા કરેછે એ કેવા ખેદની વાત છે. આ પ્રમાણે કહી રાજાના ગળામાં વળગી રહીને શોકથી ઘેરાયલી રાણીએ પીડા ભરેલા શબ્દથી રાજાને કહ્યું કે—હે રાજા! આ સ્વપ્ન

છે કે, સાચું છે? આપ જેવું ધારતા હો તેવું કહો. મારૂંમન મુંઝાય છે. હે ધર્મજ્ઞ! જો આ વાત ખરીજ હોય તો, ધર્મ, સત્ય અને બ્રાહ્મણ તથા દેવ—આદિનાં પૂજનો કાંઈ પણ સહાયતા કરતાં નથી, એમ નિશ્ચય થાય છે. ધર્મમાં તત્પર રહેનારા તમે પણ પોતાના રાજ્યમાંથી ભ્રષ્ટ થયા, તેથી સિદ્ધ થાય છે કે—ધર્મ, સત્ય, સરલતા, અને સૌમ્યપણામાં કાંઇપણ સાર નથી. રાણીનાં આવાં વચન શ્રવણ કરી રાજાએ ઉષ્ણ નિશ્વાસ મુકી ગળગળા કંઠથી તેની પાસે પોતાને ચાંડાલપણું પ્રાપ્ત થયાની કહી દેખાડી. દુઃખ પામેલી રાણીએ પણ ઘણીવાર રૂદન કરી ઉના નિસાસા મુકીને પોતાના પુત્રનું મરણ થયાની સઘળી વાત તે રાજાને કહી સંભળાવી. સ્ત્રીનાં વચન શ્રવણ કરીને રાજા પૃથિવી ઉપર પડી ગયો. અને મરણ પામેલા પુત્રને પોતાની પાસે લઇને તેને જીહ્વાથી પુનઃપુનઃ ચાટવા લાગ્યો. પછી રાણીએ ગદ્ગદ વાણીથી હરિશ્ચન્દ્રરાજાને કહ્યું કે—' હે રાજા! મારૂં મસ્તક કાપી નાખવાની તમને તમારા ધણીની આજ્ઞા છે તે પાળો. તમારે સ્વામીના દ્રોહના પાપમાં અને અસત્યમાં ન

આવવું જોઇએ. અસત્ય અને સ્વામીનો દ્રોહ કે જે પાપ રૂપ છે તે તમારે હાથે ન થવા જોઇએ! એ વચન શ્રવણ થતાં રાજા મૂર્છા પામીને પૃથિવી ઉપર પડી ગયો. થોડી વારે સંજ્ઞા પ્રાપ્ત થતાં રાજાએ અતિ દુઃખથી વિલાપ કર્યો કે-' હે પ્યારી! તેં આ અત્યંત કઠોર વચન કેમ કહ્યું, જે કામ મુખથી કહી શકાય નહિ તે કામ કરી તો કેમજ શકાય.' રાણીએ કહ્યું કે-' મેં જગદંબાની તથા બ્રાહ્મણોની પૂજા કરી છે, તો તેના કૃપાથી મારા બીજા જન્મમાં પણ તમેજ મારા પતિ થશો. ' સ્ત્રીનું વચન શ્રવણ કરીને રાજા પૃથિવી ઉપર પડી ગયો. અને મરણ પામેલા પુત્રના મુખનું ચુંબન કરવા લાગ્યો. રાજા બોલ્યો કે-' હે પ્રિયા! હવે લાંબા કાળ સુધી કલેશ ભોગવવો મને રૂચતો નથી. પણ મારૂં શરીર મારા હાથમાં નથી. મારાં કેવાં દુર્ભાગ્ય છે તે જો. ચાંડાલની આજ્ઞા વગર હું જો અગ્નિમાં પ્રવેશ કરૂં તો મારે બીજા જન્મમાં પણ ચાંડાલનો દાસ થવું પડે. અને ઉગ્ર નરકમાં પડીને દારૂણ દુઃખ ભોગવવું પડે. મહારૌરવ નામના નરકમાં પડીને મારે દુ;ખ ભોગ-

વવુ પડશે, પણ હમણાં હું દુઃખ રૂપી સમુદ્રમાં એ-વો ડુબી ગયો છું કે નરકના દુઃખને ન ગણકારતાં પ્રાણ છોડી દેવાં સારાં લાગે છે. મારો એકજ એક દીકરો કે જે વંશ રાખે એવો થયો હતો, તે પણ મારા દુર્ભાગ્યના ઉગ્ર યોગને લીધે મરી ગયો. હું દુઃખીઓ છતાં પણ પરાધીન છું. તેથી પ્રાણનો ત્યાગ શી રી-તે કરૂં એમ મારા મનમાં થાય છે; તો પણ દુઃખ ઘણું હોવાને લીધે હું દેહનો ત્યાગ કરીશ. જેવું પુત્ર-ના મરણનું દુઃખ છે તેવું બીજું દુઃખ ત્રૈલોકમાં પ-ણ નથી. અને અસિપત્રવન વૈતરણી નામના નરકમાં પણ નથી. માટે હું પુત્રના શરીરની સાથેજ હમણાં પ્રદિપ્ત અગ્નિમાં પડીશ. હે સુંદરી! એ માટે મારા ઉપર ક્ષમા કરવી. અને તારે કાંઈ પણ બોલવું નહિ. મારા વચનને માન આપી, મનને શાંત રાખીને તું બ્રાહ્મણને ઘેર જા. હું તને આજ્ઞા આપું છું મેં જો દાન અને હોમ કરેલા હશે અને ગુરૂઓને પ્રસન્ન ક-ર્યા હશે, તો તારી સાથે અને પોતાના પુત્રની સાથે મને પરલોકમાં સમાગમ થશે. આ લોકમાં તો એ

મારી ધારેલી વાત ક્યાંથી પાર પડે. હે પ્રિયા ! મેં હસતાં હસતાં એકાંતમાં જે કાંઇ તને કહ્યું હોય, તે સઘળાની આ મારા પ્રયાણના સમયમાં તારે ક્ષમા કરવી. હે દેવતાઓનું પૂજન કરનારી ! તારે રાજપત્નીપણાના ગર્વથી તારા સ્વામી બ્રાહ્મણની કદી પણ અવજ્ઞા કરવી નહિ, પણ સર્વ પ્રકારના યત્નથી તેને રાજી રાખવો,' રાણીએ કહ્યું કે–હે રાજર્ષિ ! મારાથી પણ દુઃખનો ભાર ખમી શકાતો નથી, તેથી હું પણ અહિ અગ્નિમાં પડીને તમારી સાથેજ આવીશ, તમારી સાથે આવવું એ મારે સારૂં છે. બીજી કોઇ રીતે જવું યોગ્ય નથી. હે માનદ ! હું આપની સાથેજ સ્વર્ગ વા નરકને ભોગવીશ. આ પ્રમાણે રાણીનાં વચન શ્રવણ કરીને તે સમય રાજાએ કહ્યું કે–' હે પતિવ્રતા ! ત્યારે ભલે તે પ્રમાણે કરય. પછી સ્ત્રી સહ હરિશ્ચન્દ્રરાજા ચિતા ખડકી તેમાં પોતાના પુત્રને નાખી હાથ જોડી તે સમય મહાસમર્થ અને જગતનાં ઇશ્વરી શતાક્ષીદેવીનું ધ્યાન કરવા લાગ્યો. દેવીનું આરાધન કરવાથી ઇન્દ્ર–આદિ સર્વ દેવ ધર્મને

અગ્રણી કરી તુરત ત્યાં આવ્યા. અને સર્વેએ કહ્યું કે–હે મહા ધર્મવાળારાજા! શ્રવણ કરો. આ સાક્ષાત્ બ્રહ્મા છે. આ મહાત્મા ધર્મ છે. અને બીજા પણ ઘણા દેવતા તમારી પાસે આવ્યા છે. આ વિશ્વામિત્ર કે જે ધર્મની રીતિથી ત્રૈલોક્યની સાથે મૈત્રી કરવાની ઇચ્છાને લીધે એ નામ પામેલા છે. આ વિશ્વામિત્ર તમારૂ સર્વ પ્રકારે મનવાંછિત કરી આપવા ઇચ્છે છે.

ધર્મ કહે છે કે–હે રાજા! સાહસ ન કરો, તિતિક્ષા, જીતેન્દ્રિય પણું અને ધૈર્ય– આદિ તમારા ગુણોથી રાજી થઇને હું પોતે ધર્મ દેવ તમારી પાસે આવેલો છું.

ઇન્દ્રે કહ્યું કે–હે મહા ભાગ્યશાળી હરિશ્ચન્દ્ર! હું ઇન્દ્ર તમારી પાસે આવ્યો છું. તમે, તમારી સ્ત્રીએ અને તમારા પુત્રે સનાતન લોકની પ્રાપ્તિ થવા યોગ્ય ધર્મ કરયો છે. માટે સ્ત્રી તથા પુત્ર સહ સ્વર્ગમાં પધારો. એ સ્વર્ગ લોકની પ્રાપ્તિ અન્યને મહા કઠિન છે. પણ તમોએ પોતાનાં કર્મોથી તેને હસ્તગત કરેલ છે. આ પ્રમાણે કહી તે સમય ઇન્દ્રે ચિતામાં પડેલા

બાળક ઉપર દુર્મરણનો નાશ કરનારી અમૃતની વૃષ્ટિ આકાશમાંથી કરી. પુષ્પોની ઘણી વૃષ્ટિ થવા લાગી. અને દુંદુભિઓ વાગવા લાગ્યાં અને તુરતજ એ મહાત્મારાજાનો મરણ પામેલો પુત્ર જીવતો થઇને ચિતામાંથી ઉઠ્યો. સુકુમાર શરીરવાળા સ્વસ્થ અને પ્રસન્ન મનવાળા એ પુત્રનું આલિંગન કરીને હરિશ્ચન્દ્ર રાજા તથા તેની રાણી અને તેના પુત્રને સ્વાભાવિક શોભા દિવ્ય પુષ્પ અને દિવ્ય વસ્ત્રો પણ પ્રાપ્ત થયાં અને તેઓ સ્વસ્થ તથા સમ્પૂર્ણ હૃદયવાળાં થઇને પરમાનંદમાં મગ્ન થયાં પછી તુરતજ ઇન્દ્રે રાજાને કહ્યું કે–'હે ભાગ્યશાળી રાજા ! તમે, તમારી રાણી અને તમારા પુત્રની સાથે પોતાનાં કર્મોના ફળરૂપ સ્વર્ગલોક કે જે પરમ સદ્‌ગતિ કહેવાય છે તેમાં આવો 'રાજાએ કહ્યું કે–હે દેવતાઓના રાજા ! મારા ધણી ચાંડાલની આજ્ઞા વગર અને તેનો બદલો તેને આપ્યા વગર હું સ્વર્ગલોકમાં આવીશ નહિ. એટલે ધર્મે કહ્યું કે-તમને આ પ્રમાણે કલેશ થવાનો જાણી હુંજ મારી માયાથી ચાંડાલ થયો હતો. અને મેંજ તમને એ

ચાંડાલનું રૂપ દેખાડયું હતું. ઇન્દ્રે કહ્યું કે–હે રાજન્! પૃથિવીમાં ઉત્પન્ન થએલાં મનુષ્યો જે ઉત્તમ સ્થાનની પ્રાર્થના કરે છે, અને જે સ્થાનને પુણ્ય કરનારાંજ મનુષ્યો પામે થાય છે, તે સ્થાનમાં પધારો. રાજાએ કહ્યું કે–હે ઇન્દ્ર! હું આપને પ્રણામ કરૂંછું. મારી એક વિનતિ શ્રવણ કરો. અયોધ્યા નગરીના લોકો કે જેઓનાં મન મારા શોકમાંજ મગ્ન થઈ રહેલાં છે. તેઓનો ત્યાગ કરી હું સ્વર્ગ લોકમાં શી રીતે આવું? ભકતનો ત્યાગ કરવાનું જે પાપ છે, તે પાપ બ્રહ્મહત્યા, સુરાપાન, ગોવધ, અને સ્ત્રી વધના જેવું મોટું છે, એમ કહેવાય છે. પ્રીતિ રાખનારો ભક્ત કે જે ત્યાગ કરવાને યોગ્ય નથી, તેના ત્યાગ કરનારને સુખ કેમજ મળે. એટલા માટે હે ઇન્દ્ર! હું અયોધ્યાના લોકો વગર એકલો નહિ આવું. તમે સુખેથી સ્વર્ગમાં જાઓ. એ સર્વ લોકો મારી સાથે આવતા હોય તો હું સ્વર્ગમાં કે નરકમાં જયાં જવું હોય ત્યાં જવા રાજીછું. ઇન્દ્રે કહ્યું કે–હે રાજા! એ લોકોનાં અનેક પુણ્ય અને અનેક પાપ નોખનોખાં છે. માટે સર્વેની

સાથે તમે સ્વર્ગ લોકને ભોગવવાનું કેમ ઇચ્છો છો? હરિશ્ચન્દ્રે કહ્યું કે હે ઇન્દ્ર! રાજા, પ્રજાઓના પ્રભાવથીજ રાજ્ય ભોગવે છે, મોટા યજ્ઞ કરે છે, અને વાવ, કુવા-આદિ કરાવે છે, અને મેં પ્રજાના પ્રભાવથીજ એ સર્વે કરયું છે, માટે જે લોકોએ મને કર આપેલા છે, તે લોકો ને હું સ્વર્ગેચ્છાથી કેમ છોડી દઉ? હે ઇન્દ્ર! મારી આ પ્રમાણે ઇચ્છા છે, માટે દાન, યજ્ઞ અને જપ–આદી જે કાંઇ મારૂં સત્કર્મ છે, તથા એ લોકોનું જે સત્કર્મ હોય તે સઘળું અમો સર્વેનું સહિયારૂં થાય એમ કરો, કદાચ એ લોકનું કાંઇ પુણ્ય નહોય, અને ઘણા કાળ સુધી ભોગવવાનું મારૂં એકલાનુંજ પુણ્ય હોય તો મારૂં એ પુણ્ય સઘળા વચ્ચે વહેંચાઇને ભલે એક દિવસમાંજ ભોગવઇ જાય, આવી રીતની કૃપા કરો, તો મારાથી સ્વર્ગમાં આવી શકાય, ત્રૈલોક્યના રાજા ઇન્દ્રે, ધર્મ અને ગાધિરાજાના પુત્ર વિશ્વામિત્રે પ્રસન્ન થઇને કહ્યું કે, તમારી ઇચ્છા પ્રમાણે થશે. પછી સઘળાઓએ તુરતજ કાશીમાંથી અયોધ્યામાં જઇને ત્યાંના લોકોને સ્વર્ગમાં

જવાને માટે હરિશ્ચદ્રની પાસે બોલાવ્યા, ફરી અયોધ્યામાંથી હરિશ્ચન્દ્રની સાસે જઇને ઈન્દ્રે કહ્યું કે-અયોધ્યાવાસી લોકો મહાદુર્લભ સ્વર્ગ લોકમાં આવવા સારૂ તમારી પાસે આવે છે. ધર્મની કૃપાથી તમો સર્વને સ્વર્ગનું સુખં મળશે. અયોધ્યાવાસી લોકોને આવેલા જોઈ ધર્માત્મા હરિશ્ચન્દ્રે પણ તેઓને કહ્યું કે-સ્વર્ગમાં ચાલો. ઈન્દ્રનું તથા એ રાજાનું વચન શ્રવણ કરીને સર્વ લોકો રાજી થયા. એ લોકોમાં જેઓ સંસારથી વિરકત થયા હતા, તેઓ પોત પોતાના કામ પોતાના પુત્રોને સોંપી દઇ રાજી થઇને સ્વર્ગમાં ગયા. સર્વ લોકો દિવ્ય દેહવાળા થઈ પરમાનંદથી વિમાનમાં બેસીને હરિશ્ચન્દ્રની પહેલાજ સ્વર્ગમાં ગયા. પછી મોટા મનવાળો હરિશ્ચન્દ્રરાજા પોતાના રોહિત નામના પુત્રનો હષ્ટપુષ્ટ માણસોવાળાં અયોધ્યા નામનાં રમણીય નગરમાં રાજ્યાભિષેક કરી, સંબંધીઓનું પૂજન તથા સત્કાર કરી, પુણ્યના યોગથી દેવતાઓને પણ નમળે એવી મોટી કીર્ત્તિસંપાદન કરીને ઇચ્છા પ્રમાણે સર્વ સ્થળમાં પોહોચે

એવા ઘુઘુરીઓ વાળા વિમાનમાં બેઠો. અને તેનું દાનનું ફળ મોટું હોવાથી તેને ઇન્દ્રના લોકની પ્રાપ્તિ થઇ.

આવો સત્યનો મહિમા છે. માટે પ્રત્યેક મનુષ્યે પોતાના કલ્યાણાર્થે એટલે કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થ સંપાદન કરવાને માટે અવળે રસ્તે ન વિચરતાં હમેશાં સન્માર્ગે વિચરવું ઘટે છે. સન્માર્ગે વિચરવાનો આધાર સત્યતા ઉપર છે. મહાપ્રતાપી હરિશ્ચન્દ્ર રાજાએ સત્યનો ત્યાગ કર્યો નહિ તો આજ પર્યન્ત તેનું નામ આર્યોના મનમાં રમી રહેલું છે. તે પ્રમાણે તેની રાણી તારામતીના સ્વામી ભાવ માટે જેટલું લખીએ તેટલું થોડું છે. પોતાને મહાકષ્ટ પડયા છતાં પણ તેનો પોતાના પતિ પ્રત્યેનો ભાવ જરા પણ ન્યૂન થયો નહતો. અને એક સરખો પ્રેમ હૃદયમાં રાખી જન્માંતરે પણ તેજ પતિની યાચના કરી હતી. ધન્ય છે આવાં શિક્ષણ યોગ્ય પવિત્ર દંપતિને અને આર્યભૂમિને કે જેમાં આવા રત્નો ઉત્પન્ન થાય છે. ભરતભૂમિનો જય થાઓ.

સમાપ્ત.

જાહેર ખબર.

ગોપીચન્દ્ર—આ પ્રતાપી મહારાજાનું જીવનચરિત્ર અવર્ણનીય છે. તે આ અસાર ક્ષણભંગુર સંસારને અસત્ય જાણી, રાજવૈભવની જરાપણ મમતા ન રાખતાં તે સર્વે નરકમાં નાખનાર છે એમ જાણી તેનો ત્યાગ કરી જાલંધરનાથને શરણ જઇ પોતાનું જીવન સાર્થક કરી અમરત્વ પામ્યો. ખચિત સંસાર સાગરમાં ડુબકાં ખાતાં મનુષ્યોને ગોપીચન્દ્રનું જીવન વાંચી મનન કરવા યોગ્ય છે. કિમ્મત બે આના.

શ્રીમદ્ ભગવદ્ગીતા—આ પુસ્તકનું ભાષાન્તર અમારા તરફથી પ્રકટ થઇ ચુક્યું છે. આ પુસ્તક માટે લખવું એ સુવર્ણને રસવા સમાન છે, પ્રત્યેક મુમુક્ષુને અતિ ઉપયોગી થઇ પડે, તે માટે દરેક સ્થળે ટિપ્પણ આપવામાં આવ્યું છે. જેથી કોઇપણ પ્રકારની શંકાને જન્મ થતો નથી. માટે આવાં અમૂલ્ય પુસ્તકનો લાભ લેવા ચુકવું નહિ. પુજામાં કામ આવે માટે રેશમી પુઠાંથી બાંધેલ ગુટકાના આકારે તૈયાર છે. કિમ્મત માત્ર દશ આના.

મહાદેવ રામચન્દ્ર જાગુષ્ટે બુકસેલર.

ત્રણદરવાજા—અમદાવાદ.